The Department of Public Instruction, Bombay.

A

GUJARÁTI LETTER-WRITER

AND

BOOK-KEEPING.

BY

T. C. HOPE C. S.

Late Educational Inspector N. D.

Seventh Edition—15,000 Copies.

BOMBAY:

GOVERNMENT CENTRAL BOOK DEPÔT.

1885.

Price Two Annas.

BOMBAY.

PRINTED AT GANPAT KRISHNAJI'S PRESS, BY THE PROPRIETOR ATMÁRÁM KÁNOBA.

મુંબઈ ઇલાકાનું સરકારી કેળવણીખાતું.

ગૂજરાતી લેખાવળી.

આ

ટી. સી. હોપ.

માજી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર ઉ. ભા.

એઓએ રચાવી.

આવૃત્તિ સાતમી–૧૫,૦૦૦ પ્રત.

મુંબઈ.

ગવર્નમેંટ સેંટ્રલ બુક ડીપો.

સન ૧૮૮૫.

કીમત બે આના.

મુંબઈ.
ગણપત કૃષ્ણાજીના છાપખાનાના માલિક
આત્મારામ કાન્હોબાએ છપાવી.

સાંકળિયું.

સાંકળિયું.

લેખાવળી.

પ્રસ્તાવના.

આ ચોપડીમાં સંસાર વ્યવહારની ચોપડીમાંના ઘણાએક લેખ છે, તથા થોડાઘણા નવા વધારેલા છે. એમાં રોજમેળ, ખાતાવહી, વગેરે સંસાર વ્યવહારની ચોપડીમાંના બહાલ ન રાખતા અમદાવાદની રીત પ્રમાણે નવા દાખલ કર્યા છે; બાળકને કેટલાએક બોલના અર્થ સમજાતા નથી, માટે એકેક લેખ નીચે તેવા બોલ લખી જોડે તેના અર્થ લખ્યા છે.

શીખવનારે એકેક લેખ સારી રીતે વાંચતાં શીખવવો, ત્યાર પછી તેનો અર્થ અને એ સર્વે સમજાવ્યા પછી લેખની મતલબ મનમાં એવી રીતે રમી રહેવી જોઈએ કે જો લખાવીએ તો પોતાની મેળે ચોપડીમાં જોયા વિના સંભારીને ચોપડીમાં હોય તે પ્રમાણે લખી લાવે; એટલું થયા પછી એના જેવો બીજો લેખ, નામ, ઠામ, દહાડો, વાર, વગેરે મતલબ ફેરવીને લખાવવો, એટલે એવો મહાવરો થયાથી સંસારના કામકાજમાં ખપ પડે ત્યારે તે મોઝાય નહિ. એમ ન કર્યું હોય તો ચોપડીમાંનું ચોપડીમાં રહે, ને કામકાજ પડે ત્યારે તે બહુ ગૂંચાય.

જગત્‌માં ઘણી જાતના કામસંબંધી અનેક રીતના લેખ લખવાનો ખપ પડેછે, તે સર્વે લખવા માંડીએ તો પાર આવે નહિ; ને કદી તેવા થોડા ઘણા વધારીએ તો આ ચોપડી મોટી થયાથી ગરીબ લોકને કીમતે ભારે પડે; માટે એમાં જે કાંઈ દાખલ કર્યું છે, તે ફક્ત નમુના દાખલ સમજવું. વળી એમાં કેટલેક ઠેકાણે અજાણથી ચૂક પણ થઈ હશે તો ઉમેદ છે કે તે

સર્વે સજ્જન લોક મહેરબાની કરી માફ કરશે, કેમ જે એ ચોપડીના પ્રતો વારંવાર ફરીફરીને છપાતી જશે તેમ તેમ રહી ગયેલી ચૂકોનો સુધારો થતો જશે.

આ ચોપડીમાં રોજમેળ, આવરો, વગેરે નમુના દાખલ કર્યાં છે. તે ભણાવી રહ્યા પછી ભણનાર પાસે નાની નાની બબે ચોપડીઓ કરાવવી, તેમાંની એકમાં નવી નવી રોકડની કે હવાલાની મન કલ્પિત રકમો જમે ખરચ પાડતાં શીખવવી; અને તે ઉપરથી બીજી ચોપડીમાં ખાતાં પડાવો કેમ ખતવવું તથા તેમાં રોજમેળનાં પાનાં શી રીતે અને ક્યાં ટાંકવાં, વળી ખાતાનાં પાનાં રોજમેળમાં શી રીતે ટાંકવાં એ સર્વે તેને પક્કું સમજાવવું, પછી ખાતાવહી ઉપરથી સરવાયું કેમ કાઢવું, અને ખરચ ખાતું તથા હુંડીઆમણ, હકશાઇ વગેરે ખાતાં માંડી વાળીને તેમનો સર્વેનો વધારો ઘટારો વટાવખાતામાં શી રીતે આણવો કે જેથી નક્કી નફો તોટો માલૂમ પડી આવે તે બતાવવું. સરવાયું માળ્યું કે ન માળ્યું તે કેમ જાણવું, અને ન માળ્યું તો તે ભૂલ ક્યાં રહી, એ સર્વે શીખનારની પાસે મેહેનત કરાવવી, અને તેની પાસે તેની અક્કલથી ભૂલ કઢાવવી. જો તેને પોતાની મહેનતથી ન સુઝે તો ભણાવનારે જરા મદદ કરવી, પણ જો શીખવનાર બધું કહે કહે કરે તો શીખનારની અક્કલ દોડે નહિ; પણ શીખવનારની શીખવવાની ધાટી એવી જોઈએ જે ભણનારને રસ પડેથી ભણવું વસમું ન લાગતાં હોંસે હોંસે વધારે અભ્યાસ કરે, ને વળી તેની અક્કલનો ફેલાવ પણ થતો જાય.

આ ચોપડીમાં કેટલેક ઠેકાણે રાજકોટની સરકારી નિશાળોમાંના મહેતાજી તથા બીજા ગૃહસ્થની મદદ કે સલાહ લીધામાં આવી છે, તે સર્વેનો આ લેખાવળીના કર્તા ઉપર મોટો ઉપકાર થયો છે.

ચીઠીઓ.

ભાઈ શ્રી ઝવેરચંદ માણેકચંદ.

જત આજ રોજ બપોર પછી એક વાગતે પુસ્તકશાળામાં મળો આવવાને મેં કાલે કહ્યું હતું; પણ હું ઘરના એક નવા કામમાં રોકાઈ ગયો છું તેથી ઠરાવ પ્રમાણે આવી શકાય તેમ નથી તે માફ કરશો.

આશો સુદ ૪. લ૦ સેવક હેમચંદ એમચંદના જુહાર.

અર્થ.

પુસ્તકશાળા—કિતાબખાનું, ચોપડીઓ રાખવાની જગા.	જુહાર—જેગોપાળ, સલામ.

ભાઈ શ્રી હીરાલાલ મોતીલાલ.

વિનતિ એ છે જે તમને ગઈ પરીક્ષામાં ઈનામમાં ચોપડીઓ મળી છે, તેમાંથી જે હાલમાં તમારા ખપમાં ન આવતી હોય તે આ ચીઠી લાવનાર માણસ સાથે મોકલશો તો મોટી મહેરબાની થશે. તે વાંચી લઈ થોડા દિવસમાં પાછી મોકલી દેઈશ.

કાર્તિક વદ ૫. લ૦ સેવક મોહનલાલ પ્રાણલાલના પ્રણામ વાંચવા.

અર્થ.

વિનતિ—અરજ, માગવું, મહેરબાની, કૃપા.	પ્રણામ—નમવુ.

ભાઈ શ્રી મોહનલાલ પ્રાણલાલ.

જત તમારી ચીઠી લાવનાર માણસ સાથે સારસંગ્રહ નામે ચોપડી મોકલી છે, તે વાંચી તાકીદથી મોકલી દેશો.

કાર્તિક વદ ૫. લ૦ હીરાલાલ મોતીલાલના પ્રણામ.

અર્થ.

સારસંગ્રહ—સારસાર વાતો એકઠી કરેલી-ચોપડી.

ભાઈ શ્રી હીરાલાલ મોતીલાલ.

વિનતિ એ જે આપે મારૂં હિત વિચારી મહેરબાની કરી સારસંગ્રહની ચોપડી મારા લખ્યવાથી મોકલી, તે વાંચી લઈ આ ચીઠી લાવનાર જોડે પાછી મોકલું છું, તે પહોંચ્યાનો જવાબ લખશો. એ ચોપડીમાં એક પાને મારાથી અજાણતાં શાહીના છાંટા પડ્યા છે, તે માફ કરશો. એ ચોપડી જરા બગડી તેનો મને બહુજ પસ્તાવો થયો છે.

કાર્તિક વદ ૧૨. લ૦ મોહનલાલ પ્રાણલાલ.

પરીખ૰ રેવાદાસ રૂપજી જોગ લખિતંગ પટેલ વનમાળી બેચર જત રૂ. ૫૦) અંકે પચાસ કંપની રોકડા હા૦ મોદી જગજીવન હીરાચંદ જોગ આપજો. સંવત ૧૯૧૧ ના આસો સુદ ૧ વાર ગરૂઉ.

અર્થ.

પરીખ—પરખી઼ઓ, પારખનાર.	જોગ—મારફત, ને.
અંકે—આંકડામાં.	કંપની—મુંબઈગરા.
હસ્તક—મારફત.	મોદી—સીધું સામાન વેચનાર.

કાગળમાં જેગોપાળ વગેરે લખવાની રીતનો ધારો.

ઘણો ખરો નીચે પ્રમાણે:—

હિંદુ.—સરકારી અમલદાર હિંદુ હોય તો તેને તથા મુસલમાન વગેરે હિંદુ વિનાની જે જાત હોય તેને સલામ, ને મોટા મોટા હોદેદાર સરદારને કુરનશ પણ લખેછે.

બ્રાહ્મણ, બ્રાહ્મણને નમસ્કાર, મોટાને દંડવત્ પ્રણામ, કે એકલા પ્રણામ, ને ગુરૂ વગેરેને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ લખેછે.

બ્રાહ્મણ, વાણીઆ તથા બીજી જાતને આશીર્વાદ.

વાણીઆ બ્રાહ્મણને દંડવત્, પગે લાગણું, પાએલાગું લખેછે, નાના મોટાને દંડવત્, કે પગે લાગણું લખેછે.

શ્રાવક, કે ઢુંઢીઆ પોતપોતાનામાં જવાર બોલેછે તથા લખેછે.

વૈષ્ણવ, વૈષ્ણવમાં, જે શ્રીકૃષ્ણ, જેગોપાળ લખેછે.

રજપૂત, કણબી વગેરે જાતમાં એક બીજાને રામરામ લખવાનો ઘણો ચાલ છે.

મુસલમાનને દુવા, સલામ.

હિંદુમાં, પોતાનાથી નાનાને આશીર્વાદ, કે આશીશ કહેછે.

કાઠીઆવાડમાં નાગર ગૃહસ્થમાં માંહોમાંહે તથા બીજી ઊજળી વર્ણને જે જે, કે જે મહારાજ કહેવાની ચાલ પડી છે.

હિંદુ, હિંદુમાં, પોતાથી મોટાને લખે ત્યારે પ્રણામ, દંડવત્, પગે લાગણું લખેછે.

જૂદી જૂદી જાતના લોકોને લખતી વખત આગળ અવટક એટલે અડક લખેછે.

તેમાંના કેટલાક નમુના.

ભાટીઆ તથા લવાણાને ઠા. એટલે ઠકર લખવાની રીત છે.

વાણીઆને પરી૦, શેઠ, શા, પારેખ વગેરે લખાયછે.

અને કાઠીઆવાડમાં વાણીઆને માંઊ, તથા કાપડીઆને દોશી લખવાની ચાલ છે.

દીકરો બાપને કાગળ લખે ત્યારે તીર્થરૂપ ફલાણા ફલાણા કરી લખેછે.

બ્રાહ્મણને વેદમૂર્ત્તિ, ભટ, પંડ્યા, વ્યાસ, શાસ્ત્રી, જોશી, વગેરેની જે અડક હોય તે લખેછે.

પારશીને શેઠ લખવાની ચાલ છે.

કણબીને પટેલ લખેછે. ગૂજરાતમાં ચરોતર વગેરે ઠેકાણે પાટીદાર પણ લખેછે.

સરકારી કારભારી, કામદાર વગેરેને રાજમાન રાજેશ્રી અથવા રાજેશ્રી લખેછે.

મુસલમાનમાં નીચે પ્રમાણે.

પઠાણને..................ખાં.
શેખને..................શેખ.
સૈયદને..................સૈયદ, મીર.
મુગલને..................મીરજાં.

કાગળ.

શ્રી.

સ્વસ્તિ શ્રીઅમદાવાદ મહા શુભસ્થાને પૂજ્યારાધ્યે પરમ-દયાળ પરોપકારી સદ્ગુણ નિધાન ચતુરસુજાણ વિવેકસાગર અનેક શુભોપમા વિરાજમાન શેઠ જગજીવનદાસ નારણદાસ એતાન શ્રીસૂરત બંદરથી લ૦ આજ્ઞાંકિત સેવક ભવાનીદાસ ભાઈદાસના ઘણા ઘણા કરીને દંડવત્ સેવામાં અંગીકાર ક-રવા. વિશેષ વિનંતિ એ છે જે શ્રીબાલાજી મહારાજની કૃ-પાથી ખેમકુશળતા છે. શેઠજીની ખેમકુશળતાના કાગળ ૨ વૈશાખ સુદ ૧ તા૦સુદ ૫ ની મિતિના આવ્યા તે વાંચીને પર-મ આનંદ થયો. માટે એજ પ્રમાણે દયા લાવીને નિરંતર પત્ર-દ્વારાએ સમાચાર લેતા જવું. ને તમારો ઉપકાર મારા ઉપર તો ઘણોજ થયો છે; તે ગુણનો હું આશીગણ થઈને મહાદેવજીની આગળ વિનતિ સદા કરૂંછું કે તમારૂં ભલું થજો, ને જો આ સમયમાં હું ગરીબને તમે સહાય નહોત તો આ જગત્માં મારી ઘણી અવદશા થઈ હોત; પણ શેઠજીએ પોતાને હાથે મહેનત કરી તેથી મારી શોભા તથા આબરૂ રહીછે. તેનો ઉપકાર મારાથી કેમ ભુલાશે; પણ ઈશ્વર તમારૂં ઘણું સારૂં કરશે, ને મોટા લોકોનો ધર્મ છે, કે ગરીબનું સારૂં કરવું. એજ વિનતિ, સંવત ૧૯૧૨ ના જેઠ વદ ૧૩ ને વાર સોમે.

અર્થ.

સ્વસ્તિ—કલ્યાણ થાઓ.	મહા—મોટું.
શ્રી—શોભાયમાન, લક્ષ્મી.	સ્થાન—ઠેકાણું.

પૂજ્યારાધ્યે—પૂજા કરવા તથા સ્તુતિ કરવા જોગ.
ના.—તથા, અને.
નિધાન—ભંડાર.
ચતુર—ડાહ્યો.
સુજાણ—સારીપેઠે જાણીતો.
સદ્ગુણ—સારા ગુણ.
વિવેક—સારા ખોટાની બુજ.
સાગર—સમુદ્ર, દરિઓ.
દયાળ—મેહેરબાન.
લ૦—લખિતંગ, લખનાર.
સેવક—દાસ, ચાકર.
દંડવત્—લાકડીની પેઠે લાંબા થઇને.
પ્રણામ—પગે લાગવું.
સેવા—ચાકરી.
અંગીકાર—કબૂલ.
વિશેષ—વધારે.
અનેક—ઘણા, એકથી વધારે.
સર્વ—સઘળા.
શુભોપમા—સારી ઉપમા.
વિરાજમાન—શોભીતો.
શેઠ—ધણી.
એતાન—એમને.
બંદર—દરિઆને અથવા નદીને કાંઠે જ્યાં વહાણ રહે તે.
આજ્ઞાંકિત—હૂકમ પાળનારો.
સમાચાર—ખબર.
સમય—વખત.
શુભ—સારૂં.
પરમ—ઘણો.
મિતિ—તિથિ, તારીખ, તેરીખ.
આનંદ—ખુશી.
નિરંતર—હમેશાં, સદા.
પત્રદ્વારા—કાગળને માર્ગે.
ઓશીંગણ—ઓશીઆળો.
અવદશા—ભૂંડા હાલ.
સહાય—મદદ.
ઉપકાર—ગુણ, પાડ.
ગુણ—પાડ.
વિનતિ—અરજ.
શ્રીબાલાજી—દેવનું નામ.
મહારાજ—મોટા રાજા.
કૃપા—મેહેરબાની.
ખેમ કુશળતા—ખુશાલી.
ધર્મ—રીત.
શોભા—સારૂં દેખાવવું.
સંવત—વિક્રમનો શક.
વદ—અંધારીઉં, બીજું પખવાડીઉં.

ઊપલા કાગળનો જવાબ.

(૨) સ્વસ્તિ શ્રીસૂરત બંદરે મહાશુભસ્થાને પૂજ્યારાધ્યે સર્વે શુભોપમા જોગ, મહેતા શ્રી ૫ મહેતા ભવાનીદાસ ભાઈદાસ જોગ શ્રી અમદાવાદથી લ૦ શા. જગજીવનદાસ નારાયણદાસના જેગોપાળ વાંચજો. જત લખવા કારણ એ છે જે તમારો કાગળ ૧ જેઠ વદ ૧૩ ને વાર સોમનો લખેલો આવ્યો, તે વાંચીને આનંદ થયો, વળી સંભારીને ભલાઇના કાગળ લખજો,

જેથી સંતોષ ઊપજે. બીજું તમે લખોછો જે તમારો ઉપકાર મારા ઉપર ઘણો થયો, તે લખ્યું જાણવું. પણ તમે શ્રી મહાદેવજી-નું સ્મરણ કરોછો તેથી તમારૂં તથા અમારૂં કલ્યાણ છે. માટે નિરંતર સ્મરણ કરતાં રહેવું. એ વિના તમોને સુખ થાય એવો બીજો કોઈ પદાર્થ નથી તે જાણજો. સદૈવ પત્ર લખતા રહેજો; ઘણું શું લખીએ, થોડું લખ્યું ઘણું કરી માનજો, એ આશીર્વાદ. સંવત ૧૯૧૨ ના આશાડ સુદ ૬ ને વાર ભોમે લ૰ મહેતા કાશીભાઈ જમનાદાસના જેગોપાળ વાંચજો.

અર્થ.

- શા—શાહુકાર.
- જેગોપાળ—ગોપાળ એટલે ભગવાનની જે.
- જોગ—ને.
- જત—જે.
- કારણ—મતલબ, સબબ.
- સંભારીને—યાદ કરીને.
- સંતોષ—આનંદ.
- સ્મરણ—યાદ.
- પદાર્થ—વસ્તુ, વાનું.
- સદૈવ—હમેશાં.
- આશીર્વાદ—ભલું કહેવું.
- જગત—દુનિઆ.

દીકરાનો બાપ ઉપર કાગળ.

સ્વસ્તિ શ્રીસુરત બંદરે મહાશુભસ્થાને પૂજ્યારાધ્યે શિર-છત્ર તીર્થરૂપ શા. હરિદાસ લક્ષ્મીદાસ એતાન શ્રીઅમદાવા-દથી લી૰ આજ્ઞાંકિત સેવક ગુલાબદાસ વિ૰ હરિદાસના દંડ-વત્ પ્રણામ સેવામાં અંગીકાર કરશો. જત અત્રે આપની કૃપાથી ક્ષેમ કુશળ છું. આપની ક્ષેમકુશળતાનો કાગળ ઘણા દિવસ થયાં આવ્યો નથી તેથી ચિંતા થાયછે, માટે સંભા-રીને લખજો. બીજું આપણા પાડોશીએ અદાવતથી એક જણાના ઉપર જૂઠી ફર્યાદ કરી, તેમાં શાહિદી જોઈએ; માટે તેણે એક દહાડો મને આવીને કહ્યું કે હું સરકારમાં તમારૂં નામ શાહિદીમાં લખાવીશ, તારે મારી તરફની શાહિદી પૂરવી, ત્યારે મેં તે વાતની ચોખ્ખી ના કહીને એને શીખામણ પ-ણ દીધી કે આવા પાપના કામમાં પોતે પડવું અને બીજાને

પણ હોમવો, એ તને ન ઘટે. પાપકર્મથી સ્વાર્થ સાધવો એ તો કેવળ મૂર્ખાઈ. કેમકે મને યાદ આવ્યું કે મહેતાજીએ મને શીખામણની ચોપડીઓ શીખવી છે, તેમાં જૂઠી શાહિદી પૂરવી નહિ, એમ લખ્યું છે ને આપણા તથા બીજાના ધર્મમાં કહેલું છે કે કોઈની જૂઠી શાહિદી પૂરવી નહિ, તથા અસત્ય બોલવું નહિ. હાલમાં આપણી દુકાને ઘરાકી વધવા માંડી છે, તેનું કારણ લોકોમાં એમ કહેવાયછે કે હરિદાસ શેઠની દુકાને તો તોલમાપ ઓછાં નથી ને ભાવ પણ એકજ, કદી કોઈ નાનું છોકરૂં જાય તો તેને પણ પૂરૂં આપેછે. બેન કંકુને તમે નિશાળે ભણવા મુકી ગયા છો તેથી એણે બીજી ચોપડી ભણવા માંડી. એના મહેતાજી આપણે ઘેર આવ્યા હતા. તે એના અભ્યાસ તથા આચરણના વખાણ કરતા હતા. દુકાનના કામથી જ્યારે નવરાશ મળેછે ત્યારે હું પણ બેઠો બેઠો સારા સારા ગ્રંથ વાંચુંછું જેથી બુદ્ધિ નિર્મળ તથા પવિત્ર થતી રહે, ને પરમેશ્વરના મહિમાનું ગ્નાન વધતુ જાય ને મારૂં કલ્યાણ થાય. કાકા આપણા ઘરની ખબર અંતર રાખેછે, ને આપણા ઘરમાં કોઈ ભૂલતું ચૂકતું હોય તેને સારી શીખામણ દઈને સારી સલાહ બતાવેછે. એમનું હેતવહાલ જોઈને આપણા ઘરમાં સર્વેને શેર શેર લોહી ચઢેછે. સગાં પરમેશ્વર આપે તો એવાંજ આપજો. આપણા ઘરનો એવો સંપ જોઈને લોકો અચરજ થાયછે. ઘરભણી આપનું પધારવું ક્યારે થશે તે લખી જણાવશો. મારાં માતુશ્રી તથા બેન કંકુ તથા કાકા એ સર્વે ખુશીમાં છે, ફિકર ચિંતા કરશોમા. એજ વિનતિ. સંવત ૧૯૧૨ ના ભાદરવા સુદ ૧૫ ને વાર રવેઉ.

અર્થ.

શિરછત્ર—માથાનું ઢાંકણ.
તીર્થરૂપ—તીર્થને ઠેકાણે.
શા—શાહુકાર.
એતાન—એમને.
ક્ષેમકુશળી—તાજગી, આબાદી, સુખીપણું.
વિ—વિદ્યમાન, હયાત, જીવતો.
અત્ર—અહિં.

પ્રણામ—સલામ, સવાર.
ચિંતા—ફિકર.
નિર્મળ—ચોખો, પવિત્ર.
ચોખી—સાફ.
શીખામણ—ઉપદેશ, બોધ.
હોમવો—નાખવો.
પાપકર્મ—પાપનું કામ.
સ્વાર્થ—પોતાની મતલબ.
સાધવો—કરવો.
કેવળ—એક, પૂરી.
મૂર્ખાઈ—બેવકુફી.
ઘરાકી—ઘરાક, વેચાતી લેનાર.
અભ્યાસ—મહાવરો.
અસત્ય—જૂઠું.
માતુશ્રી—માજી, મા.
આચરણ—ચાલ.
ગ્રંથ—ચોપડી.
બુદ્ધિ—અક્કલ.
પવિત્ર—ચોખી, શુદ્ધ.
મહિમા—પરાક્રમ, મોટાઈ.
જ્ઞાન—સમજણ, ગનાન, ગ્યાન.
કલ્યાણ—સારૂં, ભલું.
ખબર અંતર—સમાચાર.
સલાહ—શીખામણ, ભલામણ.
હેતવહાલ—માયા.
સંપ—એક્કો.
અચરજ—રાજી, દંગ.
પધારવું—આવવું.
સુદ—પહેલું પખવાડીઉં, અજવાળીઉં.

બાપનો દીકરા ઉપર કાગળ.

(ઊપલા કાગળના જવાબમાં.)

(૪) સ્વસ્તિ શ્રી અમદાબાદ મહાશુભસ્થાને ચીરં॰ ગુલાબદાસ હરિદાસ એતાન શ્રીસૂરત બંદરથી લી॰ શુભેચ્છક શા. હરિદાસ લખમીદાસની આશીશ વાંચજો. જત અત્રે હું ખુશી આનંદમાં છું. તમારો કાગળ ભાદરવા સુદ ૧૫ નો લખેલો આવ્યો તે વાંચી મારા જીવને બહુ આનંદ થયો છે; તમે આપણા પડોશી વિષે હકીકત લખી તે જાણી. નીતિની ચોપડીઓ વાંચીને તમે તે રહેણીકરણી રાખોછો, તે જાણીને મને અતિ આનંદ થયો છે. ધન્ય છે તમારી બુદ્ધિને કે આવી નાની ઊમર છતાં પણ એવા પાપના કામમાં તમે ફસાયા નહિ. તમારા જેવો સપૂત દીકરો પરમેશ્વરે મને આપ્યો, તેથી તેનો હું મોટો પાડ માનુંછું; અને નિત્ય તેની કને માગુંછું જે તે સદા તમારી બુદ્ધિ એવી ને એવી નિર્મળ રાખે, ને તમારી આસ્થા તેના ઉપર છે, તેથી પણ નિરંતર વધતી રહે; બેન કંકુનો અભ્યાસ સારો ચાલેછે, તે

વાંચીને હું રાજી થયો છું. એને કહેવું, જે તું સારી પેઠે ભણીશ તો હું તારે સારૂ સુરતથી નીકળતી વખત સારા સારા આંકા તથા ભરત ભરવાને ઊગ્યું હીર લેતો આવીશ; તમારા કાકા વનમાળીદાસને મારા દંડવત્ કહેજો. આપણા સર્વે સગાં-વહાલાંને બોલાવજો. મારે અહિયાં હવે એકાદ માસનું કામ બાકી છે, કેમકે ઘણો ખરો માલ તો હું વહોરી ચૂક્યો છું. હવે તેનો હિસાબ નક્કી થાય એટલી ઢીલ છે, તે થયેથી તેનાં નાણાં દોકડો દોકડો ચૂકવી આપીને હું આહિંયાથી રવાને થઇશ. મારી તરફની કશી ફિકર ચિંતા રાખશોમા. સંવત ૧૯૧૨ ના ભાદ-રવા વદ ૫ વા. શુકરે.

અર્થ.

ચીરં૦-લાંબી ઊમરવાળો, અમર.	રહેણી—ચાલ.
શુભેચ્છક—ભલું ઇચ્છનાર.	કરણી—આચરણ.
આશીશ—સારૂં ઇચ્છવું.	અતિ—ઘણુંજ.
રાજી—ખુશી.	ધન્ય—સાબાશ.
ઊમર—વય.	સદા—નિત્ય, રોજ.
ફસાયો—પડ્યો.	આસ્થા—ભાવ.
સપૂત—સારો છોકરો.	નક્કી—ખચીત, મુકરર.
પાડ—આભાર.	ઢીલ—વાર.
હકીકત—જીકર, બિના, વાત.	રવાને—ચાલતો.
નીતિ—સારી શીખામણ.	વહોરી ચૂક્યો-ખરીદકરી રહ્યો.

ઘરેણાખત.

(૫) સંવત ૧૯૧૨ ના વર્ષે આશાડ સુદ ૫ વા૦ સોમે શા૦ રણછોડદાસ ભીખારીદાસ ન્યાતે મોડવાણીઆ, વાસી બંદર સૂરતના જોગ લી૦ પટેલ મોરારદાસ ભાઈદાસ ન્યાતે કડવા કણબી વાસી સુરત શહેરના જત રૂ. ૫૨૫) અંકે-પાંચસો ને પચીસ પૂરા સુરતી શિક્કાના દેવા, એની સાનમાં ઘર ૧ અમારા બાપી-કું શ્રીસુરતના મહીધરપરામધ્યે મણીઆરા શેરીમાં છે, તે અમોએ અમારી રાજી રજાવંદીથી તથા અક્કલ હુશીઆરીથી તમને ઘરેણે આપ્યું છે. એ ઘર ઉત્તર દક્ષિણ પહોળું ગજ

૮ અને પૂર્વ પશ્ચિમ લાંબું ગજ ૧૨. એ ઘરની દિશા ચાર તેની વિગત; પશ્ચિમ દિશાએ આગલું બાર શેરીઆમ રાજમાર્ગે છે ને પૂર્વ દિશાએ આગલે બાર વાડોછે, તથા ઉત્તર શરીક સુતાર દેવજી દયાળનું ઘર છે. એ ચતુરશી પ્રમાણે આગલા બારથી તે પાછલા બાર સુધી હેઠળ ને ઉપર સોત બધું ઘરેણે આપ્યું છે. એ ઘરમાં વસો વસાવો તથા ભાડાઘરેણે મૂકો. તમારૂં મન માને તેમ કરો, ને ભાગ્યું તુટ્યું તથા નળીઆંની ખોટ અમો ઘરધણી પૂરાવી આપીએ સહી, અળામણી તમો ગીરવી રાખનાર આપો સહી. એ ઘરની અવધી વરસ ૫ ની કરી છે, તે મુદત પૂરી થયે જેવા એ રૂપિઆ લીધા તેવા પાછા આપીએ ત્યારે અમારો અલાખો, ત્યાં લગણ અમારો અલાખો નહિ. એ રૂપિઆનું વ્યાજ નહિ, ને ઘરનું ભાડું નહિ. એ ઘરની કજારજાએ અમો ઘરધણી જવાબ દઈએ સહી. એ લખ્યાથી ફરે તે પોતાના સાત પેઢીના ધર્મથી ફરે.

અત્ર મતું.	તત્ર સાખ.
૧ પટેલ મોરારદાસ ભાઈદાસ મતું ઉપરલખ્યા પ્રમાણે સહિ.	૧. પટેલ ભીખાજી પરશોતમ સાખ ધણી બે હજૂર.
	૧. સુહાર દેવજી દયાળ સાખ ધણી બે હજૂર.

અર્થ.

ઘરેણાંણ—ગીરવી.
ખત—લેખ, દસ્તાવેજ.
વર્ષે—વરસમાં.
ગ્નાત—નાતે.
મોઢ-વાણીઆમાં એક જાત છે.
મહીધર પરૂં-સૂરતમાં એક પરૂં છે.
વાસી—રહેવાસી, રહેનાર.
શેરી—મહોલ્લો.
પૂરા—બરાબર.
શિક્કો—મોહોર, અલણ.
સાનમાં—અવેજમાં, થાળમાં.
બાપીકું—બાપથી પહોંચેલું.
રજાવંદી—રજાથી.
અક્કલ—બુદ્ધિ.
ઘરેણું—ગીરવી, ગીરો, થાળમાં.
દિશા—બાજુ.
વિગત—તપશીલ.
શેરીઆમ—મોટી.

આડધરેણું—બીજે ઠેકાણે પ- રબારે ઘરેણે મૂકવું.
ખોટ—તોટો.
પૂરાવી આપવું—ભરી આપવું.
ભળામણી-નળી આફેરવામણી.
ગીરવી—ઘરેણું.
અલાખો-દાવો,હક,અખતિયાર.
રાજમાર્ગ—ધોરી રસ્તો.
કબારજા—આફતે, જોખમે, સારે માઠે.
મતું—સહી.
અત્ર—અહિં.
તત્ર—ત્યાં.
સાખ—શાહિદી.
સહી—કબુલ, નક્કી.
હજૂર—રૂજે, રૂબરૂ, દેખતા.
ચતુરશી—ચોબાજુ.

વેચાણ ખત.

(૬) સંવત ૧૯૧૨ ના વર્ષે આશાડ સુદ ૫ વાર સોમે ખરીદદાર શા. જમનાદાસ ગોપાળદાસ ગ્નાતે કપોળવાણીઆ જોગ લી. વેચનાર સોની મયારામ ભૂખણદાસ ગ્નાતે અમદાવાદી સોની જત ઘર ૧ શ્રીસૂરતના હરિપરામધ્યે મહોલ્લો ગોલાશેરી મધ્યે છે તે તમને વેચાતું આપ્યું છે. એ ઘર ઉત્તર દક્ષિણ પહોળું ગજ ૪॥ ૩ અંકે સાડાચાર ગજ ને ત્રણ તસુ કરા સાથે તથા પૂર્વ પશ્ચિમ લાંબું ગજ ૧૩ નેવાવળી તે કરતાં ગજ ૧॥ વધતી છે, જૂમલે ગજ ૧૪। સવાચઉદ છે. એ ઘરની ચાર દિશાની વિગત:- પૂર્વ દિશાએ આગલું બાર શેરીઆમ રાજમાર્ગે છે, તથા પશ્ચિમ દિશાએ દિવાલ પુખતે ગજ ૧૩ છે, તથા પાણીની મરોડ દક્ષિણ દિશા ભણી દરજી ખુશાલ નથુના ઘરમાં પાકી મોરીમાં થઈને રાજમાર્ગે જાયછે. મુકાબલે ઘાંચી પરશોતમ મોરારનું ઘર છે, તથા ઉત્તર દિશાની સરીલમાં સલાટ ગંગારામ મુળજીનું ઘર છે, તથા દક્ષિણ દિશાની સરીલમાં ભટ અદિતરામ ઉમાનાથનું ઘર છે. એ ચતુરશી પ્રમાણે બારસાખે બધા ઘમલા સાથે તમને વેચાતું આપ્યું છે.. એની કીમત રૂ. ૧૫૦૧) અંકે પંદરસેં ને એક પૂરા લઈને ઘર બધું ચંદ્રોકાળ તમને વેચાતું આપ્યું છે. આજ પછી અમારૂં એ ઘર સાથે લાગેવળગે નહિ. કદાચ હરકોઈ વારસ થઈને દરદાવો કરે તેનો

જવાબ અમો તથા અમારા વારસમાં જે કોઈ હોય તે દઈએ સહી, ને રૂપિઆ સુરતી શિક્કાના તોલે માસા ૧૧ અથ પોતે લઈને આ ખત લખી આપ્યું છે. એ લખ્યું પોતાના ધર્મ સાથે પાળીએ સહી.

અત્ર મતું.	તત્ર સાખ.
૧ મયારામ ભુખણદાસ મતું. ઉપર લખ્યા પ્રમાણે સહી.	૧ શા. જેકીસનદાસ મોહનરામ સાખ ધણી બે હજૂર.
	૧ શા. કીરપારામ દયારામ સાખ ધણી બે હજૂર.

અર્થ.

વેચાણખત—વેચાણનો લેખ.
ફરો—ઘરણા પાસાના ભીંત.
ગોલાશેરી—મહોલ્લાનું નામ.
જુમલે—કુલ.
ખરીદદાર—વેચાતું લેનાર.
નેવાંવણી—નેવાં.
પુખતે—સાથે, લાગતે.
મરોડ—વલણ, વાંક.
માર્ગ—રસ્તો.
મુકાબલે—સામે.
સરીકમાં—બાજુએ, પડોશમાં, પડખે.
સલાટ—પત્થર ઘડનાર.
બારસાખ—બારણાનું ચોકઠું.
ઇમલા—ઇમારત, મકાન.
દિવાલ—ભીંત.
મોરી—ખાળ, નીક.
પાકી—બાંધેલી.
કીમત—ભાવ, મુલ.
ચંદ્રોકાગ—ચંદ્ર રહે ત્યાંલગી, સદાકાળ.
લાગેવળગે—દાવા દાખલ.
વારસ—મુઆ પછી જે માલીક થાયછે તે.

વ્યાજુ ચીઠી નામ જોગી.

(૭) સંવત૧૯૧૨ ના વર્ષે જેઠ વદ ૨ વાર શુકરે શા૦ પ્રેમજી પરશોતમ જોગ લી૦ શા૦ કલ્યાણદાસ ઝવેરચંદ જત રૂ. ૫૧) અંકે એકાવન પૂરા રોકડા દેવા, અંગ ઉધારે દેવા, દેશ પરદેશ દેવા, જ્યારે ધણી માગે ત્યારે દેવા, એનું વ્યાજ માસ ૧ ટકા ૦॥। લખે ચઢે તે ભરી આપીએ સહી, એમાં કશો સુકન નહિ. અમો આમારી અક્કલ હુશીઆરીથી રૂપિઆ રોકડા લઈને ચીઠી લખી આપીછે. એ લખ્યું બાપના બોલ સાથે પાળીએ સહી.

અત્ર મતું.	તત્ર સાખ.
૧ લી૦ શા. કલ્યાણદાસ ઝવેરચંદ મતું ઉપરલખ્યા પ્રમાણે સહી.	૧ શા. જેકીસનદાસ આનંદરામ સાખ ધણી બે હજૂર. ૧ શા. કીરપારામ દયારામ સાખ ધણી બે હજૂર.

અર્થ.

વ્યાજુ ચીઠી—વ્યાજમાં આપવું લખ્યું હોય તે.
ટકો—રૂપિઓ.
રોકડા—નગદ.
નામજોગ—નામસહિત,નામવાર.
અંગઉધારે—શરીર થાળમાં.
દેશપરદેશ—આ દેશ કે બીજે દેશ.
બોલ—વચન.
પાળવું—તે પ્રમાણે ચાલવું.
સુકન—વચન, બોલ, વાંધો.

વ્યાજુ ચીઠી શાહજોગી.

(૮) સંવત ૧૯૧૨ ના વર્ષે આશાડ સુદ ૨ વાર શુકરે શા. —લ૦ જોગ ભટ ગણેશજી રામનાથ જત રૂ. ૫૦૦) અંકે પાંચસો પૂરા રોકડા દેવા અંગ ઉધારે દેવા, એનું વ્યાજ માસ ૧ શત ૧ ટકા ૦॥। લેખે ચડે, તે ભરી આપું સહી, એમાં કશો સુકન નહિ. અમો અમારી અક્કલ હુશીઆરીથી રૂપિઆ રોકડા લેઈને ચીઠી લખી આપી છે. એ લખ્યું બાપના બોલ સાથે પાળીએ સહી.

અત્ર મતું.	તત્ર સાખ.
૧ લ૦ભટ ગણેશજી રામનાથ મતું ઉપર લખ્યા પ્રમાણે સહી.	૧ જોશી હરદત્ત ભોળાનાથ સાખ ધણી બે હજૂર. ૧ શા. ભાઈ ગીરધર મકનજી સાખ ધણી બે હજૂર.

ફારગતી.

(૯) સંવત ૧૯૧૨ ના વર્ષે જેઠ વદ ૮ વાર બુધે શા. ઝવેરચંદ વેણીરામ જોગ લ૦શા૦વીરજી કલ્યાણજી જત અમારું લેણું તમારી પાસે ચીઠી તથા ખાતાની રૂઈથી હતું તે સર્વે તમારી

પાસેથી હિસાબની રૂઈથી આજદિન સુધી ભર્ગા પૂરી પામ્યા છીએ. હવેથી અમારે તમારે અભરામ ફૂલ નદાવા. આ ફારગતી અમારી રાજી ખુશીથી તથા અક્કલ હુશીઆરીથી લખી આપી છે, તે કબૂલ મંજૂર છે. એથી ફરે તે પોતાના ધર્મથી ફરે.

અત્ર મતું.	તત્ર સાખ.
૧ શા. વીરજી કલ્યાણજી મતું ઉપર લખ્યા પ્રમાણે સહી.	૧ ધનજી એમજી સાખ ધણી બે હજૂર. ૧ રૂપજી જેચંદ સાખ ધણી બે હજૂર.

અર્થ.

ફારગતી—નદાવા ચીઠી.
ખાતું—નામું.
રૂઈ—ઉપર, લીધે.
અભરામ ફૂલ નદાવા—તમામ લેણા દેણાનો હક કોઈ દિવસ ન પહોંચે.
કબૂલ—મંજૂર, હા છે.

ધર્મપત્રિકા.

(૧૦) સંવત ૧૯૧૨ ના વર્ષે શ્રાવણ સુદ ૬ વાર ગરૂઉને દિને શુકલ રામદત્ત શિવદત્ત તતુપિતા કૃષ્ણદત્ત ગ્નાતે બ્રાહ્મણ ભારગવ જોગ લ૦ સૂરતવાસી શા. કલ્યાણદાસ ગંગાદાસ ગ્નાતે નાગરવાણીઆ જત અમારૂં ઘર ૧ કણપીઠ મધ્યેનું અમોએ અમારી રાજી રજાવંદીથી તમને શ્રીકૃષ્ણાર્પણ આપ્યું છે, તે ચંદ્રોકાળ આપ્યું છે, ને અમોએ અમારી અક્કલ હુશીઆરીથી આ ધર્મપત્રિકા લખી આપી છે. એ ઘરમધ્યે હવેથી મારો તથા મારા વારસનો દરદાવો પહોંચે નહિ.

એ લખ્યું સહી. એમાં કશો સુકન નહિ.

અત્ર મતું.	તત્ર સાખ.
૧ શા૦ કલ્યાણદાસ ગંગાદાસ મતું ઉપર લખ્યા પ્રમાણે સહી.	૧ શા. કહાનદાસ રેવાદાસ સાખ ધણી બે હજૂર. ૧ શા. ધનજી કેશવજી સાખ ધણી બે હજૂર

અર્થ.

વારસ—વારસો જેને મળે તે.
શુક્લ—બ્રાહ્મણનો બીજ.
દરદાવો—કશો દાવો.
તતુપિતા—તેનો બાપ.
કૃષ્ણાર્પણ—ધર્મ કરવું, આપીદેવું.
કણપીઠ—દાણા વેચવાનું બજાર.

ગણોતનામું.

(૧૧) સંવત ૧૯૧૨ ના વર્ષે શ્રાવણ સુદ ૮ વાર શનેઉ મહોતા રાજારામ હરીવલ્લભદાસ જોગ લ૦ ઠકર કચરા પૂંજા તથા નથુભાઈ ભીખારીદાસ જત અમોએ ભોંય મોજે ટીડાસરની વીઘાં ૧૦ તથા મોજે. શિંગણપોરની ભોંય વીઘાં ૧૦ જૂમલે વીઘાં ૨૦ તમારી પાસેથી ગણોતે રાખી છે તેનું ગણોત સાલ ૧ નું રૂ. ૫૧) અંકે એકાવન કરી રાખી છે, ને એ ભોંયની ખંડણી અમો જૂદી ભરીએ સહી; તથા એ ભોંય મધ્યે આંબા ઊછેરી આપીએ સહી. તેના થડ ૧ ના રૂ. ૩) અંકે ત્રણ આંબા ફળેથી તમારી પાસેથી લેઈએ સહી. કદાસ રૂ. ૩) આપો નહિ ત આંબાની કેરી અર્ધો અર્ધ વહેંચી લેવી સહી. સંવત ૧૯૧૨ થી તે સંવત ૧૯૧૭ સૂધી સાંથી છે તે અમોએ રાખી છે, એ લખ્યું સહી.

અત્ર મતું.	તત્ર સાખ.
૧ લ૦ કચરા પૂંજા મતું ઉપર લખ્યા પ્રમાણે સહી.	૧ પટેલ કહાનજી નથુ સાખ ધણી બે હજૂર.
૧ શા. નથુભાઈ ભીખારીદાસ-નું મતું ઉપર લખ્યા પ્રમાણે સહી.	૧ પટેલ નાગજી રણછોડ સાખ ધણી બે હજૂર.

અર્થ.

ગણોતનામું—ગણોતનો લેખ.
ભોંય—જમીન, ધરતી.
ગણોત—જમીનનું ભાડું.
ખંડણી—સરકારનો કર.
અંકે—આંકડામાં.
સાલ—વરસ.
ઊછેરી આપવું—મોટું કરવું.

ભાડાનામું.

(૧૨) સંવત ૧૯૧૩ ના વર્ષે મહા સુદ ૫ વાર શુક્રે શા. રેવાદાસ મથુરાદાસ જોગ લ૦ કહાનદાસ મકનદાસ જત અમારૂં ઘર હનુમાનની પોળમાં શા. ભાઈદાસ ગીરધરદાસની પેહેડી પાસે છે, તે તમને કૂલ બધું ભાડે આપ્યું છે. એનું ભાડું વરસ ૧ ના રૂ. ૫૦) અંકે પચાસ ઠરે. એની બંધી વરસ પાંચની કરી છે, ત્યાંસુધી અમોથી તમને કઢાય નહિ, ભાડું વરસે વરસ ઠરે ચઢ્યું લેઈએ સહી.

અત્ર મતું.	તત્ર સાખ.
૧ શા. કહાનદાસ મકનદાસ મતું ઉપર લખ્યા પ્રમાણે સહી.	૧ શા. રામદાસ ગંગાદાસ સાખ ધણી બે હજૂર.
	૧ શા. કલ્યાણજી રંગજી સાખ ધણી બે હજૂર.

અર્થ.

પોળ—શેરી.
પેહેડી—સરકારની મોટી દુકાન.
ઠરે—થાય.
બંધી—મુદત.
કૂલ—બધું, સઘળું.

માઠી ખબરનો કાગળ (મેલો.)

(૧૩) સ્વસ્તિ શ્રીસૂરત બંદરે મહાશુભસ્થાને, પૂજ્યારાધ્યે પરી૦ શ્રી ૫ પરી૦ નારણદાસ મકનદાસ જોગ શ્રીમુંબઈ બંદરથી લ૦ પરી૦ હરગોવનદાસ રામદાસના જેગોપાળ વાંચજો. જત લખવા કારણ એ છે જે અમારા પિતા રામદાસ ભાદરવા વદ ૧૦ વાર બુધે દેવલોક પામ્યા છે. એ ઘણી માઠી વાત થઈ છે, પણ એ વાતનો શો ઉપાય, સુખ દુઃખ જે માણસને માથે પડે તે પરમેશ્વર ઉપર વિશ્વાસ રાખી સહેવું જોઈએ. સંવત ૧૯૧૨ ના ભાદરવા વદ ૧૦ વાર બુધે.

અર્થ.

દેવલોક—સ્વર્ગ.
સહેવું—ખમી રહેવું.
શો—કિયો.
વિશ્વાસ—ભાવ, શ્રદ્ધા.

કંકોત્રી.

(१४) સ્વસ્તિ શ્રીમુંબઈ બંદરે મહાશુભસ્થાને પૂજ્યારાધ્યે પરી૦ શ્રી ૫ પરી૦હરગોવનદાસ રામદાસ જોગ, શ્રીસૂરત બંદરથી લ૦ પરી૦નારણદાસ મકનદાસના જેગોપાળ વાંચજો. બીજું લખવા કારણ એ છે જે ચી૦ ડાહ્યાભાઈનાં શુભ લગ્ન મહા સુદ ૫ શુકરવારના નિરધાર્યાં છે. તે ઉપર સાથ સર્વેને તેડીને વહેલા પધારજો. તમો આવે મંડપની શોભા રૂડી દીસશે. સંવત ૧૯૧૩ ના પોશ વદ ૧૧ વા૦ બુધે.

અર્થ.

કંકોત્રી—લગ્નમાં સગાંવહાલાંને તેડવાના કાગળ.
નિરધાર્યાં છે—નક્કી કર્યાં છે.
દીસશે—દેખાશે.
સાથ—કુટુંબ, વગેરે.
પધારજો—આવજો.
મંડપ—માંડવો.

વિવાહ પત્રી.

શ્રીગણેશાયનમઃ

(१५) સંવત૧૯૧૨ ના વર્ષે જેઠ વદ ૫ વાર સોમે શા. તાપીદાસ વિઠલદાસ જોગ લ૦ શા. જગન્નાથ ભાઈદાસ જત અમારી દીકરી બેન નંદકુંવરબેરે તમારા દીકરા ભગવાનદાસની સગાઈ કરીછે, તેના પહલાની વિગત.

રૂ. ૪૦૧) અંકે ચારસે ને એકનું પહ્લું.
રૂ. ૫૧) અંકે એકાવનનાં લુગડાં.

એવી વિગતે ઘરેણું તથા લુગડાં તમારે કરવા, પહેરામણી મધ્યે કંકુ ને કન્યા આપવી.

અત્ર	મતું.	તત્ર	સાખ.
૧ શા. જગન્નાથ ભાઈદાસ		૧ ધનજી દેવજી સાખ.	
મતું ઉપર લખ્યા પ્રમાણે સહી.		૧ રામદાસ હરકીસનદાસ સાખ.	

અર્થ.

વિવાહ—સગાઈ.
પત્રી—લેખ.
કન્યા—દીકરી, પરણ્યા વગરની.
પહ્લું—કન્યાને માટે અવેજ.

ગણેશાયનમઃ—ગણપતિને નમસ્કાર, નમવું.	પહેરામણી—વિદાયગિરીમાં પોશાક આપેછે તે.

વારસનામું.

(૧૯) સંવત ૧૯૧૩ ના વર્ષે પોશ સુદ ૧ વાર રવેઉ શા. હરિભાઈ તાપીદાસ તત્પિતા પરશોતમદાસ ગ્નાતે દીસાવાળ વાણીઆ, ધંધો સુખડીઆનો જોગ જ૦ બાઈ રામકુંવર શા. રુઘનાથ નથુની ધણીઆણી ગ્નાતે દીસાવાળ વાણીઆ જત હું મારી રાજી રજાવંદીથી કબુલ કરૂંછું, જે મારે કાંઈ છોકરૂં નથી માટે તમો અમારા ભાણેજ છો, ને અમોએ તમને અમારા વારસ કર્યાં છે. તે અમારૂં ઘર વાડી કુળીઆમાં છે જે મધ્યે અમો રહીએ છીએ તે તા. અમારૂં ઘરેણું ગાંઠું, તથા લુગડાં લતાં, તા. ઠામડાં ઠીકરાં, તથા દાણાદુણી તા. પેટીપટારા, તથા લોહું લાકડું, તથા લેણું દેણું, તા. સાહીસત્તી, તા. રાચરચીલું, તથા જેટલી મિલકત અમારી પોતાની તા. અમારા ધણીની તા. અમારા સસરાની હતી, તે બધી તમને સોંપીને તમને વારસ કર્યા છે, ને તમારે અમને જીવતાં પાળવી ને સુખેથી અમારૂં ઉત્તર સાધન કરીને અમને દેવલોક પહોંચાડવી, એવા કરારથી અમે અમારી રાજી રજાવંદાથી તથા અક્કલ હુશીઆરીથી આ વારસનામું લખી આપ્યું છે. એ લખ્યાથી ફરે તે પોતાના બાપ દાદાના ધર્મથી ફરે એ લખ્યું સહી.

અત્ર	મતું.	તત્ર	સાખ.
૧ બાઈ રામકુંવર શા. રુઘનાથ નથુની ધણીઆણી મતું ઉપર લખ્યા પ્રમાણે સહી.		૧ શા. વનમાળીદાસ રામદાસ સાખ ઘણી બે હજૂર.	
		૧ શા. પાનાચંદ વીરજી સાખ ઘણી બે હજૂર.	

અર્થ.

વારસનામું-વારસ કર્યાનો લેખ.	ઉત્તર સાધન-દહાડો પાણી વગેરે.
સુખડીઆ—મીઠાઈ કરનાર.	કરાર—બંદોબસ્ત.
રાચરચીલું લાકડા સામાન.	વા.—વાર.

લ.—લખિતંગ, લખનાર. | તા.—તથા, અને, ને.
શા.—શાહ.

માલનો કબાલો.

(૧૭) સંવત ૧૯૧૩ ના વર્ષે કાર્તિક સુદ ૨ વા૦ ગુરૂ શા. કેશવજી શામજી જોગ લ૦ પારસી માણેકજી બેહેરામજી જત માલ ચીનાઈ દેવો કર્યો છે તેની વિગતઃ—

૧૫૦) ખાંડની પેટી અંકે એકસો ને પચાસ દર મણ ૧ ના રૂ. ૪।~ સવાચાર ને બે આના ટકો વળતે.

૧૫૦) સાકરનાં ટબ અંકે એકસો ને પચાસ દરમણ ૧ ના પા।~ ।। ટકે ચઢતે.

૨૦૦) સાટીનના તાકા અંકે બસો, લાંબા ગજ ૧૭।।, પહોળા ગજ ૧। દર તાકા ૧ ના રૂ. ૨।। લેખે.

એણી વિગતે માલ દેવો કર્યો છે, તે વહાણ બેહેરામ ગોલ આવેથી માલ દિન ૮ માં નમુના પ્રમાણે ઊતારી આપીએ, તે દિનથી રૂ. ૧૦ ની મુદત માસ ૨ ની કરી છે. એને પેટે રૂ. ૧૦૧) અંકે એકસો ને એક બાનામાં લીધા છે, દલાલ કહાનદાસ મકનદાસ.

અત્ર મતું.	નત્ર સાખ.
૧ પારસી માણેકજી બેહેરામજી મતું ઉપર લખ્યા પ્રમાણે સહી.	૧ શા. ધનજી શામજી સાખ ધણી બે હજૂર.
	૧ ભા. દેવશંકર ઉમાનાથ સાખ ધણી બે હજૂર.

અર્થ.

રૂ. ૧૦—રૂપિઆ.
કબાલો—માલ લેવાનો લેખ.
વળતે—બાદ થતે, ઓછો.
બેહેરામ ગોલ—વહાણનું નામ.
દર—એકેક, પ્રત.
દલાલ—ઘરાક મેળવી આ-
સાટીન—એક જાતનું રેશમી લુગડું ગજી આણીથી ઊચું.
ચઢતે—વધારે, ઉપર.
તાકા—સ્થાન.
ચીનાઈ—ચીન દેશનો.
પેટે-ધણા દેવામાંથી થોડું આપવું.

પનાર, જેની મારફતે માલ વેચાય તે.
મુદ્દત—બધી, બોઝી.
બાનું—સુથી માટું થયે થોડું નાણું આગમચ આપેછે તે.
ટબ—જેમાં સાકર ભરાઈ આવે-છે તે.
નમુનો—ઘણી વસ્તુમાંથી લ-ગાર દેખાડવું.
ભ૦—ભટ.

વીમાની ચીઠી.

(૧૮) સંવત ૧૯૧૨ ના વર્ષે આશાડ સુદ ૨ વા૦ શુક્રે શા૦ જોગ લ૦ વીમાવાળા મહાજન સમસ્ત જત વીમો ૧ રૂ. ૧૧૫૦) અંકે અગીઆરસે ને પચાસનો, વહાણ એક નામે કાદરબક્ષ ધણી મુલાં અબદલ કુતેવાળું તે શ્રીસૂરતની આડતેથી નાંગર ઊપાડ્યા પછી જોખમ કબૂલ છે, તે શ્રીમોખાની ખાડીએ નાં-ગર મૂકે જોખમ ઊતરે. વળતાં શા૦ ઝવેરચંદ ભીખારીદાસ જે બારકસ મધ્યે ચઢાવે, તે ઉપર શ્રીમોખાની ખાડીએથી નાંગર ઊપાડ્યા પછી જોખમ કબૂલ છે, તે શ્રીમુંબઈ અથવા શ્રીસૂરત-ની આડતે નાંગર મૂકે જોખમ ઊતરે. વરાડ તથા વામણી સાથે વીમાના લખનારને શિરસંબંધ નહિ. કદાચ વહાણની શ્રીરત્નાગરની કજારજાએ માલ નીસરે તો વીમાવાળા હિસ્સા કિંમત વહેંચી લઇએ. એની કજારજાએ શત ૧ ટકા ૮ લેખે કાપીએ સહી. સલામતી રોકડી. દલાલ રાજારામ આત્મારામ.

લ૦શા૦ હેમચંદ પ્રેમચંદ જત વિમો રૂપિઆ ૧૧૫૦) અંકે અગીઆરસે ને પચાસની રાશે અર્ધો કબૂલ છે.

૧ લ૦શા. ગુલાબચંદ વખતચંદ જત વીમો રૂ. ૧૧૫૦) અંકે અગીઆરસેં ને પચાસની રાશે અર્ધો કબૂલ છે.

અર્થ.

વીમાની ચીઠી—વીમા બાબ-તનો લેખ.
વીમાવાળો—જોખમ માથે રાખનાર.
મહાજન—પંચ, બધી ના-
ખાડી—નાળું.
કજારજા—જોખમ.
વામણી—વહાણ ઉપરથી માલ નાખી દેવો તે.
શિરસંબંધ—માથા ઉપર.

તના મોટા માણસ.	રત્નાગર—દરિઆો.
સમસ્ત—બધાં.	હિસ્સા કિંમતે—ભાગે પડતું.
વરાડ—ભાગ, વહેંચણ, ફાળો.	શત—સેંકડે.
વીમો—જોખમ માથે રાખવું.	સલામતી—વહાણ બંદરે સલામત જાય તેની હકસાઈ.
આડ—બંદર.	રાશ—ફાળો.
નાંગર—લોઢાની બિલાડી.	વરાડ—ભાગ.
મોખી-અરબસ્તાનમાંકાંઠાનુંબંદર.	
બારકસ—વહાણ, ઝાઝ.	

આવકની ચીઠી.

(૧૯) સંવત ૧૯૧૨ ના વર્ષે જેઠ વદ ૫ વા૦ સોમે શા. રેવાદાસ રામદાસ જોગ. લ૦ પારસી માણેકજી મેરવાનજી ભરૂચી જત રૂ. ૧૦૦૦૧) અંકે દશ હજાર ને એક, બાબત વહાણ૧)નામે ચાર્લસ કપતાન હરિસનવાળા મધ્યે અફીણની પેટી ૧૦ અંકે દશ મુંબઈથી સરકારના લીલામમાંથી લીધેલી તે વટાવી છે. તેની ઉપર આવક અમોએ લીધી છે. તેની બોલી એ જે સેંકડે ટકા ૧૭) અંકે સતર ચઢતાએ અમે કબૂલ કીધી છે. તે મધ્યે ટકા ૧૫ આવકના ને ટકા ૨ વરાડ તથા વામણી તથા દરિઆની કસરજનના છે. ને દરિઆનું જોખમ અમોએ અમારે માથે રાખ્યું છે, તથા રત્નાગરનું જોખમ આવકના આપનારને શિરસંબંધ નહિ. તેની મુદત રૂપિઆ આપ્યા તે દિનથી માસ ૭ ને દિન ૧૩ ની કરી છે. એ મુદત ઉપરાંત રૂપિઆ આપીએ નહિ તો આવક ટકા ૧૫ ચઢતે સુધાં વ્યાજ ટકા ૦ાા લેખે આપીએ સહી. એ લખ્યા પ્રમાણે સહી.

૧ લ૦ પા૦ માણેકજી મેરવાનજી ભરૂચી. ઉપર લખ્યા-પ્રમાણે સહી.

અર્થ.

પા૦—પારશી.	બોલી—બંદોબસ્ત.
આવક—દેશથી માલ આવી પહોચે ત્યાંસુધી આગળથી રૂ ।· દેવા તે.	પ્રમાણ—કબૂલ, સહી.
લીલામ—હરાજી.	ભરૂચી—ભરૂચનો, ભરૂચવાસી.
	હરિસન—કપતાનનું નામ.

સતમી.

(૨૦) સ્વસ્તિ શ્રીમુંબઈ બંદરે મહાશુભસ્થાને પુન્યપારાધ્યે રા૦ શ્રી ૫ શા૦ સુખાણુદાસ શિવદાસ જોગ. શ્રીસુરત બંદરથી લ૦ ૫રી. કલ્યાણદાસ મથુરાદાસના જેગોપાળ વાંચજો. જત અત્રેથી બતેલો ૧ નામે રૂપારેલ, તંડેલ રામજી, ધણી અબદુલા વજીરવાળા મધ્યે રૂની ગાંસડી ૧૨૫) અંકે એકસો ને પચીસ તેનું તોલ ખાંડી ૭૦) ૪ મણુ ને શેર ૧૦ ચઢાવીને મોકલી છે, તે રત્નાગરજી સલામત પહોંચાડેથી ઊતારી લેજો ને સીવાબંધ તપાશી લેઇને પહોંચ લખી આપજો. સંવત ૧૯૧૨ ના જેઠ વદ ૫ વા. સોમે.

અર્થ.

સતમી—ચઢાવેલા માલની સાથે મોકલેલી ટીપ.
બતેલો—નાનું વહાણુ.
રૂપારેલ—વહાણુનું નામ.
તંડેલ—વહાણુનો મુખી ખલાસી.
ધણી—માલીક.
સલામત—નિર્વિઘ્ન, નૂકસાનવિના, હેમખેમ.
સીવાબંધ—જેવી શીવેલી હોય તેવી, ટાંકા તૂટેલી નહિ.

બારકસના ધણીના સામા દસકત.

અબદુલા વજીરના સામા દસકતનું ખાતું સંવત ૧૯૧૨. જેઠ વદ ૫ વા. સોમે બતેલો ૧ નામે રૂપારેલ તંડેલ રામજી, ધણી અબદુલા વજીરવાળા મધ્યે રૂની ગાંસડી ૧૨૫) અંકે એકસો ને પચીસ અત્રેથી ભરીને શ્રીમુંબઈ પહોંચાડી આપીએ તેની પહોંચ લાવી આપીએ. પહોંચામણી ગાંસડી ૧ ના રૂ. ૨॥ લેએ તે મધ્યેથી દલાલી રામ ૧ વળે. દલાલ ના-

ગર કહાનદાસની મારફતે. ને
તેના નીમે નૂરને પેટે રૂ. ૧૫૦)
રોકડા લીધા છે. હા. મહેતા
નારણ વલ્લભ લેઈ ગયા છે.

અર્થ.

હા.—હસ્તક.
દસકત—અક્ષર, લેખ.
પહોંચામણી-પહોંચાડવાનું ભાડું.
સામા દસકત—પોતે લખવાનું સામા માણસ પાસે લખાવી લેવું તે.
જ.—એટલે જમે આવેલું લખવાની જગા.
ઊ—એટલે ઉધાર આપેલું લખવાની જગા.
પહોંચ—પહોંચવાનો કાગળ.
રામ—આના.
મારફત—હસ્તક.
નૂર—વહાણનું ભાડું.

માલની પહોંચ.

(૨૧) સ્વસ્તિ શ્રીસૂરત બંદરે મહાશુભસ્થાને પૂજ્યારાધ્યે પરી૦ શ્રી ૫ પરી. કલ્યાણદાસ મથુરાદાસ જોગ. શ્રીમુંબઈ બંદરથી લ૦ શા૦ ભુખણદાસ શિવદાસના જેગોપાળ વાંચજો, જત લખવા કારણ એમ છે જે બનેલો ૧ નામે રૂપારેલ, તંડેલ રામજી, ધણી અબદુલા વજીરવાળા મધ્યે રૂની ગાંસડી ૧૨૫) અંકે એકસો ને પચાસ લમાએ ચડાવી હતી તે અત્રે ગાસડી ૧૨૫) અંકે એકસો ને પચાસ સીવાબંધ તપાશી લીધી છે, ને તેની પહોંચ લખી આપી છે, તે જાણજો. સંવત ૧૯૧૨ ના વર્ષે જેઠ વદ ૧૪ વા૦ સોમે.

અર્થ.

પરી.—પારેખ, મોટા નાણાવટીનો ખિતાબ.
શ્રી ૫.—આબરૂવાળો.

દેશાવરની પહોંચ.

(૨૨) સ્વસ્તિ શ્રીમુંબઈ બંદરે મહાશુભસ્થાને પૂજ્યારાધ્યે શા. શ્રી ૫ શા૦ કલ્યાણજી ભાઈદાસ જોગ. શ્રીસૂરત બંદરથી લ૦ પરી૦ મયારામ કાશીદાસના જેગોપાળ વાંચજો. જત અત્રે ભલું

છે. તમારી ભલાઈના કાગળ આવ્યા તે વાંચી સમાચાર સર્વે જાણ્યા. બીજું અમોએ રૂ. ૧૦૦) અંકે એકસો પરી. વખતચંદ હીરાચંદની દુકાનેથી લીધા છે, તેની પહોંચ લખી આપી છે. સ૦ ૧૯૧૨ ના વર્ષે શ્રાવણ સુદ ૧ વાર શુકરે.

અર્થ.

સ૦—સંવત વિક્રમનો શક.

સામા દસકત.

(૨૩)શા૦મોતીચંદ ઝવેરચંદના સામા દસકતનું ખાતું સ૦ ૧૯૧૨.

જ	ઉ
૨૪૭। ૧૨।। જેઠ વદ ૫ વા૦ સોમે. જમાતની પાટ ૧૦૦) તેના મણ ૨૫) ૬૨ રૂ. ૧૪) લેખે. તારીજ ૩૫૦) અસલ. ૩) ૬। ખર્ચ રાસ ૧૪) લેખે. ૩૫૩) ૬। ૩।। ટકો. વળતે. ૩૪૯।। ૬। બાકી. ૨।। ૧૨) મુદત માસ ૧ ની. ૩૪૬।।। ૧૯। બાકી નક્કી સૂરતી. ૦।૧૮। વ્યાજ જેઠ વદ ૧ વા૦ શનેઉ સુધી દિન ૫ નું તેના ટકા	૩૪૭। ૧૨।। જેઠ વદ૧૦વા૦ શનેઉ ૩૪૭। ૧૨।। દોકડા સૂરતી હા. પરી. રાવચંદ લખમીચંદને ત્યાંથી અપાવ્યા તે લીધા છે. હા. મહેતા વનભૂખણદાસ લાવ્યા છે.

૦॥ સેપે

૩૪ગ ૧૨॥

અર્થ.

તારીજ—તપશીલ. | હા૦—હસ્તક, મારફતે.

ભલામણ.

(૨૪) સ્વસ્તિ શ્રીમુંબઈ બંદરે મહાશુભસ્થાને પૂજ્યારાધ્યે સર્વે ઉપમા જોગ પરી૦ શ્રી ૫ પરી. રામદાસ ભગવાનદાસ જોગ. શ્રીસૂરત બંદરથી લ. પરી. લખમીદાસ રામદાસના જેગોપાળ વાંચજો. જત અત્રેથી મહેતા ખેલાભાઈ ડાહ્યાભાઈ શ્રીમુંબઈ આવ્યા છે, તેમને રૂ. ૨૨૫) અંકે બસેં ને પચીસ સુધી આપજો ને તેની પહોંચ લખાવીને અમારા ઉપર બીડજો. એમની બંધી માસ ૨) સુધીની છે. તે ઉપરાંત આવે તો આપશોમા. અમારો જવાબ મંગાવી આપવો. સંવત ૧૯૧૨ ના જેઠ સુદ ૧૩ વા. સોમે.

લ૦ પરી૦ નારણદાસ મકનદાસ.

જત આ હુંડીનાં નાણાં સીકારી આપજો.

હુંડી.

(૨૫) સ્વસ્તિ શ્રીમુંબઈ બંદરે મહાશુભસ્થાને પૂજ્યારાધ્યે પરી૦ હરગોવનદાસ રામદાસ જોગ. શ્રીસૂરત બંદરથી લી૦ પરી૦ નારણદાસ મકનદાસના જેગોપાળ વાંચજો. જત અત્રેથી રાખ્યા પુરૂષોત્તમદાસ જેકીસનદાસ પાસેથી રૂ. ૧૦૦૦૦) અંકે દશહજાર નીમે રૂપિઆ પાંચ હજારથી બમણા પૂરા રોકડા લીધા છે, તેની મુદત હુંડી પહોંચ્યા પછી દિન ૪ આરની શાતના, નામે શા૦ વેપારી જોગ. રૂપિઆ હુંડીની શાતના શ્રથ, ઠામેઠકાણું ચોકસ કરીને આપજો. નિશાની એ જે કાગળ મધ્યે લખાશું. સંવત ૧૯૧૨ ના વર્ષે જેઠ વદ ૧૧ વા૦ શનિ દસ્કત મહેતા રામશંકરના જેગોપાળ વાંચજો.

નીમે રૂપિઆ પચાસેથી સોગણા | રૂ. ૧૦૦૦૦ |

દશહજાર પૂરા કરી આપજો.

અર્થ.

હુંડી—શાહુકારની આબરૂ ઉપરથી નાણાં મળે તેની ચીઠી.
નીમે—અર્ધી.
રાખ્યા—હુંડી લખાવનાર, રૂપિઆ ભરી હુંડી લેનાર.
દિન આરની—આઠ દહાડા વીત્યા પછી નવમે દહાડે.
શાહા વેપારી જોગ—હુંડી લેનાર શાહુકાર હોય કે ખોળાધર આપે તેને.
અથ નિલકત, રૂપિઆ.
ઠામઠેકાણું—જગો, ઠેકાણું.
નિશાની—ઓળખાણ.
સીકારી—કબુલ કરી.

લી. પરી. નારણદાસ મકનદાસ.

જત આ પેંઠ લખ્યા પ્રમાણે સીકારી નાણાં આપજો.

પેંઠ.

(૨૬) સ્વસ્તિ શ્રીમુંબઈ બંદરે મહાશુભસ્થાને પૂજ્યારાધ્યે પરી. શ્રી ૫ પરી૦ હરગોવનદાસ રામદાસ જોગ શ્રીસુરત બંદરથી લી૦ પરી૦ નારણદાસ મકનદાસના જેગોપાળ વાંચજો. જત તમારા ઉપર પ્રથમથી હુંડી ૧ રૂ. ૧૦૦૦૦) અંકે દશ હજારની, નીમે રૂપિઆ પાંચ હજારથી બમણા પુરાની લખી અમારી, રાખ્યા પરી૦ પરષોતમદાસ જેકીસનદાસ પાસેથી મુદત હુંડી પોંત્યા પછી દિન ૮ આરની, નામે શાહા વેપારી જોગ, રૂપિઆ હુંડીની રીતના અથ ઠામઠેકાણું ચોકસ કરીને આપજો, નિશાની એ જે કાગળ મધ્યે લખીશું. લખી જેઠ વદ ૧૧ વા૦ શનેઉ લખી છે, તે રાખ્યાવાળા ધણી કહેછે જે એ હુંડી ગેરવલે પડી છે. માટે પેંઠ લખી આપી છે. તમો તમારો આવરો, તા૦ રોજમેળ તા૦ ખાતું તા૦ નોંધ સર્વે જોઈ તપાશીને હુંડી સીકારી નાણાં નહિ આપ્યાં હોય તો આ પેંઠ સીકારી નાણાં આપજો. કદાસ હુંડી સીકારી નાણાં આપ્યાં હોય તો આ પેંઠ રદ છે. વાંચીને ફાડી નાંખજો. અમો તમને સનદ ૨ થઈને વાર ૧ મુજરે આપીશું, તે જાણજો. સંવત ૧૯૧૨ ના વર્ષે આશાડ સુદ ૪ વા૦ રવેઉ. દસકત મહેતા હરિભાઈના જેગોપાળ વાંચજો.

અર્થ.

પેંઠ—હુંડી ગેરવલે પડેતો રૂપિ- | રોજમેળ—રોજનો હિસાબ

આ લેવાને લખી આપેલો કાગળ.
ગેરવલ્લે—જતી રહે, પહોંચે નહિ.
આવરો—આવક જાવક લખવાનો ચોપડો.
ખાતું—નામું.
રાખવાનો ચોપડો.
નોંધ—લેખ કે હુંડીઓ વગેરે દાખલ કરવાનો ચોપડો.
સનદ—દસ્તાવેજ, લેખ.
મુજરે—હિસાબમાં.
રદ—નકામું, ફોક.

આ પરપેંઠ લખ્યા પ્રમાણે સીકારી નાણાં આપજો.

પર પેંઠ.

(૨૭) સ્વસ્તિ શ્રીમુંબઈ બંદરે મહાશુભસ્થાને પૂજ્યારાધ્યે પરી૦ શ્રી ૫ પરી૦ હરગોવનદાસ રામદાસ જોગ શ્રીસૂરત બંદરથી લી૦ પરી૦ નારણદાસ મકનદાસના જેગોપાળ વાંચજો. જત પ્રથમ તમારા ઉપર હુંડી ૧ રૂ. ૧૦૦૦૦) અંકે દશ હજારની નીમે રૂપિઆ પાંચ હજારથી બમણા પૂરાની લખી છે. રાખ્યા પરી૦ પરશોતમદાસ જેકીસનદાસ પાસેથી, મુદત હુંડી પહોંચ્યા પછી દિન ૪ ચારની, નામે શાહા વેપારી જોગ રૂપિઆ હુંડીની રીતના અથ ઠામ ઠેકાણું ચોકસ કરીને આપજો, નિશાની એ જે કાગળ મધ્યે લખીશું. લખી જેઠ વદ ૧૧ વા. શનેઉ લખી આપી; ત્યાર પછી પેંઠ લખી આપી છે. આશાડ સુદ ૪ ને વા. રવેઉ. તે રાખ્યાવાળા ધણી કહેછે જે હુંડી તા. પેંઠ સનદ ૨ ગેરવલ્લે પડી છે, માટે આ પરપેંઠ લખી આપી છે. તે તમો તમારો આવરો તા૦ રોજમેળ તા૦ ખાતું તા૦ નોંધ જોઈ તપાશીને હુંડી તા૦ પેંઠ સનદ ૨ મધ્યે સીકારીને નાણાં નહિ આપ્યાં હોય તો આ પરપેંઠ સીકારી નાણાં આપજો. કદાસ હુંડી તથા પેંઠ સનદ ૨ મધ્યે સીકારી નાણાં આપ્યાં હોય તો પરપેંઠ રદ છે. વાંચીને ફાડી નાખજો. અમો તમને સનદ ૩ થઈને વાર ૧ મુજરે આપીશું, તે જાણજો. સંવત ૧૯૧૨ ના વર્ષે આશાડ સુદ ૧૨ વા૦ સોમે.

અર્થ.

પરપેંઠ—હુંડી તથા પેંઠ ગેરવલ્લે પડ્યાથી ત્રીજો કાગળ શાહુકાર કરી આપેછે તે.

લી૦ પરી૦ નારણદાસ મકનદાસ જત આ કાગળ લખ્યા પ્રમાણે સીકારી નાણાં આપજો.

કાગળ.

(૨૮) સ્વસ્તિ શ્રીમુંબઈ બંદરે મહાશુભસ્થાને પુજ્યારાધ્યે પરી૦ શ્રી ૫ પરી૦ હરગોવનદાસ રામદાસ જોગ શ્રીસુરત બંદરથી લી૦પરી૦ નારણદાસ મકનદાસના જેગોપાળ વાંચજો. જત પ્રથમ તમારા ઉપર હુંડી ૧ રૂ. ૧૦૦૦૦) ની અંકે દશહજારની બીજે રૂપિઆ પાંચ હજારથી બમણા પુરાની લખી છે. રાખ્યા પરી૦ પરષોતમદાસ જેકીસનદાસ પાસેથી, મુદત હુંડી પહોંચ્યા પછી દિન ૪ ચારની નામે શાહા વેપારી જોગ રૂપિઆ હુંડીની રીતના અથ ઠામ ઠેકાણું ચોકસ કરીને આપજો. નિશાની એ જે કાગળ મધ્યે લખાશું. લખી જેઠ વદ ૧૧ વાર શનેઉ ત્યારપછી પેંઠ લખી આપી છે. આશાડ સુદ ૪ વા૦ રવેઉ, ત્યારપછી પરપેંઠ લખી આપી છે. આશાડ સુદ ૧૨ વાર સોમે તે રાખ્યાવાળા ધણી કહે છે જે હુંડી તથા પેંઠ તથા પરપેંઠ સનદો ૩ ગેરવલે પડી છે, માટે આ કાગળ લખી આપ્યો છે. તે તમો તમારા આવરો, તા૦ રોજમેળ, તથા ખાતું તથા નોંધ જોઈ તપાશીને હુંડી તથા પેંઠ તા૦ પરપેંઠ સનદો ૩ મધ્યેથી સીકારી નાણાં નહિ આપ્યાં હોય તો આ કાગળ સીકારી નાણાં આપજો. કદાચ હુંડી તા૦ પેંઠ તા૦ પરપેંઠ સનદ ૩ મધ્યેથી સીકારી નાણાં આપ્યાં હોય તો આ કાગળ રદ છે, વાંચીને ફાડી નાંખજો. અમો તમને સનદ ૪ થઈને વાર ૧ સુજરૂ આપીશું તે જાણજો. સંવત ૧૯૧૨ ના વર્ષે આસો વદ ૧૦ વા૦ ગરેઉ.

કાગળ કામકાજનો.

(૨૯) સ્વસ્તિ શ્રીમુંબઈ બંદરે મહાશુભસ્થાને પુજ્યારાધ્યે પરી. શ્રી ૫ પરી. રેવાદાસ વનમાળીદાસ જોગ. શ્રીસુરત બંદરેથી લી૦ પરી૦ કલ્યાણદાસ ત્રીકમદાસના જેગોપાળ વાંચજો. જત

એ ભર્યું છે; શેઠજીની બલાઈના કાગળ ડાક મધ્યે આવ્યા તે વાંચી સમાચાર સર્વે જાણ્યા છે. વળી સંભાળીને લખજો. બીજું તમોએ હુંડી ૧ રૂ. ૫૦૦૦) ની અમારી વતીને ખાતે પરી૦ રામદાસ નથુભાઈ ઉપરની લખી૦ પરી૦ મોહનરામ ભીખારીદાસ રાખ્યા તમારી પાસેથી લખી જેઠ વદ ૨ વા૦ શનેઉની તે કાગળ મધ્યે બીડી તે પહોંચી છે. મુદતસર સીકરાવી નાણાં લેઈને જવાબ લખીશું, તે જાણજો. બીજું અત્રેથી તમારા ઉપર હુંડી ૨ રૂ. ૧૫૦૦) ની લખી છે તેની વિગત.

૫૦૦) હુંડી ૧ રૂ. ૫૦૦) ની અમારી વતીને ખાતે તમારા ઉપરની લખી અમારી. રાખ્યા પરી. મોહનરામ ભીખારીદાસ પાસેથી, મુદત દિન ૪ આરની લખી જેઠ વદ ૯ વાર ભોમે.

૧૦૦૦) હુંડી ૧ રૂ. ૧૦૦૦) ની તમારી વતીને ખાતે તમારા ઉપરની લખી અમારી રાખ્યા પરી. જગજીવનદાસ અનુપરામ પાસેથી મુદત ૪ આરની લખી જેઠ વદ ૬ વાર ભોમે દા૦રૂ. ૯॥

૧૫૦૦)

એણી વિગતે લખી છે. તે આવેથી મુદતસર સીકારી નાણાં આપીને ખાખાં તરત બીડજો, ભૂલશોમા. બીજું તમારા ઉપર અત્રેથી બારકસ ૧ વેપારીનો માલ ભરીને રવાને કર્યું છે, તે સલામત પહોંચેથી વેપારીનો માલ ઊતારી આપીને પાછું નુર મળે તે ભરીને બારકસને રવાને કરજો. એ કામનું આળસ કરશોમા તે જાણજો. તમને લખવાની હાજત નથી. બીજું. તમારી વતી રૂની ગાંસડી ૨૦૦) ખરીદ કરીને બારકસ ૨ મધ્યે ચઢાવી છે, તેની વિગત.

૧૨૫) બતેલો ૧ દરિઆ દોલત તંડેલ રામજી ધણી અજીજ
અલાણાવાળા મધ્યે ગાંસડી ૧૨૫) ની ૧૨૫ા.

૭૫) બતેલો ૧ રૂપારેલ તંડેલ હિરાજી ધણી મીઆંખાન વજી-
રવાળા મધ્યે ગાંસડી ૭૫ ની ૧૨૫ા.

---

૨૦૦)

એણી વિગતે ગાંસડી ૨૦૦) ચઢાવીને બારકસ રવાને કીધું છે તે રત્નાગરજી સલામત પહોંચાડેથી ઊતારી લેઇને પહોંચ્યાનો જવાબ લખજો. બીજું દાખલા ૨ અત્રેથી કાગળ મધ્યે બીડ્યા છે, તેની પહોંચ લખજો. કામકાજ લખજો. જે જોઇએ તે મંગાવજો. સંવત ૧૯૧૨ ના જેઠ વદ ૧૧ ને વાર શનેઉ.

અર્થ.

પરી.—હુંડીઆત પેઢીવાળાનું ઉપનામ.
ડાક—ટપાલ, પોસ્ટ.
ભલાઇ—સુખશાતા.
સમાચાર—ખબર.
વતી—તરફથી.
ખોખાં—હુંડી વગેરે કાગળો.
સીકારેલાં—એટલે નાણાં લેવાએલાં તે લેખ.
રવાને—ચાલતાં કરવું.
બીડી—મોકલી.
મુદતસર—વખત ઉપર.
સીકરાવી—સીકારે ચલાવવી, પળાવવી.
તમારા વતીને ખાતે—નફો તોટો વગેરે તમારે માથે.
આળસ—સુસ્તિ.
હાજત—જરૂર.
દાખલા—પરવાના, દસ્તાવેજ.
ટકા—રુપિઆ.

ઉપરના કાગળનો જવાબ.

(૩૦) સ્વસ્તિ શ્રીસૂરત બંદરે મહાશુભસ્થાને પૂજ્યારાધ્ય પરી० શ્રી ૫ પરી. કલ્યાણદાસ ચીકમદાસ જોગ શ્રીમુંબઇ બંદરથી લ० પરી० રેવાદાસ વનમાળીદાસના જેગોપાળ વાંચજો. જત અહિયાં ભલું છે. તમારી ભલાઇનો કાગળ ૧ જેઠ વદ ૧૧ ને વાર શનેઉનો લખેલો આવ્યો તે વાંચી સમાચાર સર્વે જાણ્યા છે. વળી સંભારીને લખજો. બીજું હુંડી ૨ રૂ. ૫૦૦૦) ની પરી० રામદાસની ઉપરની પોતી લખું તે જાણવું. મુદતસર સીકરાવી નાણાં લેઇને તમારી વતીને ખાતે જમે કરીને જવાબ લખજો. બીજું શ્રીહરજી તમોએ હુંડી ૨ રૂ. ૧૫૦૦) ની અમારા ઉપરની લખી અત્રે આવી છે, તેની વિગતઃ—

૫૦૦) હુંડી ૧ અમારી વતીને ખાતે રાખ્યા પરી. મોહનરામ ભીખારીદાસ પાસેથી મુદત હુંડી પોતા પછી દિન ૪ આરની લખી જેઠ વદ ૬ વાર સોમે તે અત્રે પરી. નાનાભાઈ રામદાસ લાવ્યા છે.

૧૦૦૦) હુંડી ૧ અમારી વતીને ખાતે રાખ્યા પરી. જગજીવનદાસ અનુપરામ પાસેથી મુદત દિન ૪ ચારની લખી જેઠ વદ ૬ વાર ભોમેની. અત્રે એજ ધણી લાવ્યા છે.

૧૫૦૦)

એણી વિગતે જણ ૨ લાવ્યા છે તે મુદત સર શીકારી નાણાં આપીશું, ને ખોખાં બીડીશું. બીજું તમોએ અમારા ઉપર બારકસ વેપારીનો માલ ભરીને હકરાવ્યું છે, તે હજુ સુધી અત્રે આવ્યું નથી. તે આવેથી માલ ઊતરાવી વેપારીને સોંપીશું, ને તેની પહોંચ લેઇને તમને બીડીશું ને અત્રેથી જે કાંઈ નૂર મળશે તે અપાવીને પાછું રવાને કરીશું તેની કાંઈ ફિકર ચિંતા કરશોમા. બીજું તમોએ અમારી વતી રૂની ગાંસડી ૨૦૦ ખરીદ કરીને બારકસ મધ્યે ભરીને રવાને કરી છે; લખ્યું તે જાણ્યું. પણ તે બારકસો હજુ સુધી આવ્યાં નથી. આવેથી માલ ઊતારી લેઇને પહોંચ્યાનો જવાબ લખીશું. ને તમોએ દાખલા ૨ બીડ્યા તે પહોંચ્યા છે તે જાણજો. હવેથી રૂની ગાસડી ૨૦૦ નું ભરતીઉ ઊતારીને મોકલજો. કાંજે અમોને વારો ગણીને વેચવાનું સૂઝે માટે એ વાતનું આળસ કરશો નહિ તે જાણજો. ઘણું શું લખીએ. સંવત ૧૯૧૨ ના વર્ષે જેઠ વદ ૧૩ વા૦ સોમે.

અર્થ.

હંકરાવ્યું—ચલાવ્યું.
ભરતીઉ—લીધેલા માલની કીમત, તા૦ તે ઉપર ખરચ વગેરે લખે તે.
વારો—નફો.

ભરતીઉં.

(૩૧) સ્વસ્તિ શ્રીમુંબઈ બંદરે મહાશુભસ્થાને પૂજ્યારાધ્યે શા. શ્રી ૫ શા. બ્રિજલાલ તુલશીદાસ જોગ. શ્રીસૂરત બંદરથી લી૦ શા. રતનજી ગોકળદાસના જેગોપાળ વાંચજો. જત અત્રેથી તમારી વતી માલ ખરીદ કરીને કુતેમારી ૧ નામે રત્નાકર તંડેલ

દાહોદ, ધણી આત્મારામ જુગ્મણુદાસ વાળીમધ્યે મોકલ્યો; તેનું બરતીજ આજ કાગળ મધ્યે ઊતારી મોકલ્યું છે.

સંવત ૧૯૧૨.

૯

જેઠ સુદ ૨ વાર બુધેથી મુદત માસ ૨ ની તેના શ્રાવણ સુદ ૩ વા. રવેકે ખરી તારીખે કેસર જાદાઈ શેર ૧૦ પક્કા શેર ૧ પક્કાના રૂ. ૪૦) લેખે તેના રૂ. ૪૦૦)

તેરીજ

૪૦૦) અસલ કેસરનો દાબડો ૧ ભર્યો છે.

૩।। ખર્ચ રામ ૧૪ લેખે ચડે તેના રૂ. ૩।।

૪૦૩।।

૭

૪) ટકા એક લેખે વળે તેના.

૩૯૯।। બાકી નક્કી સૂરતી.

તેરીજ.

૩૯૯।। અસલ કીમત.

૨૫।।। ૨૦।। ખર્ચ માલ ઉપર ચડે તેની વિગત.

૧।।। ૨૪।।।	દલાલી ટકા ૦।। લેખે.
૦।।	બારદાનને માટે દાબડો.
૦) ૬।	દાબડાને લેમ દેવડામણી.
૦) ૯।	મજૂરી વખારેથી ફુરજે લેઈ ગયા તેની.
૦) ૬।	મજૂરી બારકસમધ્યે ચઢાવ્યું તેની.
૦।)	નુર બારકસવાળાને.
૧૫)	વીમો રૂ. ૫૦૦) નોર ઊતરાવ્યો દર રૂ. ૩) લેખે.
૭।।। ૨૪	આડત અમારી રૂ. ૩૯૯।। દર ટકા ૨ લેખે.

૨૫।।। ૨૦।।

કુલ સરવાળો. રૂ. ૪૨૫।। ૨૦।।

એણી વિગતે ભરતીજ ઊતારીને મોકલ્યું છે, તે પહોંચેથી તપાશીને જમે ખર્ચ કરીને જવાબ લખજો.

અર્થ.

ફતેમારી—એક જાતનું મોટું વહાણ.
વખાર—માલ ભરવાનું ઠેકાણું.
તેરીખ—મિતિ.
દલાલી—દલાલની હકસાઈ.
બારદાન—બાપતો, બંધાણ.
ભેમ—કારણ.
ફુરજો—જે ઠેકાણે માલ ઊતારી દાણ લેવાય તે જગો, માંડવી.
આડત—જે ધણી બીજાની તરફથી માલ લેઇ મોકલે તેની હકસાઈ.

નોંધ.

(૩૨) સંવત ૧૯૧૨ ની નોંધ છે.

૬

પરી. આત્મારામ ભૂખણદાસને ખાતે ઉધાર ચૈત્ર સુદ ૨ વા. બુધે હુંડી ૧ રૂ. ૫૦૦૦) ની શ્રીમુંબઈની પરી. રામદાસ ભગવાનદાસ ઉપરની લખી અત્રેથી અમારી રાખ્યા પરી. અવીચળદાસ ઝવેરચંદ મારફત તમારી પાસેથી મુદત હુંડી પહોંચ્યા પછી દિન ૮ ચારની, નામે શાહા વેપારી જોગની. દર રૂ. ૫૫॥ લેખે બાદ રામ૦)૦ વળતે દલાલ મનોરદાસ હરીદાસની મારફત પરી. રામદાસ ભગવાનદાસને ખાતે જમે લખી ચૈત્ર સુદ ૪ વા. ભોમે.

પરી. કરમસી સાદરસીને ખાતે ઉધાર ચૈત્ર સુદ ૨ વા. બુધે હુંડી ૧ રૂ. ૨૦૦૦) ની શ્રીપુનાની પરી. દયારામ આત્મારામ ઉપરની લખી અત્રેથી અમારી રાખ્યા તમારી પાસેથી મુદત હુંડી પહોંચ્યા પછી દિન ૪ ચારની, નામે શાહા વેપારી જોગની દર રૂ. ૧૦૧) લેખે બાદ રામ ૦)૦ વળતે લખ્યા ચૈત્ર સુદ ૫ વા. બુધે, દલાલ પ્રાણવલ્લભદાસની મારફતે હા. પરી. દયારામ આત્મારામના જમે.

પરી. જાદવજી લખમીચંદને ખાતે ઉધાર ચૈત્ર સુદ ૫ વાο બુધેથી માસ ૧ પછી. તેના વૈશાખ સુદ ૪ વાο શનેઉની તેરીખે રેશમ લાવરી પેટી ૪ તેના મણ પા ૨) શેર કાચા. દલાલ ગોવરધનદાસ પરશોતમદાસની મારફત.

૧૦૯૮।।। રેશમ અસલ મણ પા૨) તેના પાકા મણ ૨।। ૬ શેર.

દર શેર ૧ ના રૂ. ૧૦।~ લેખે તેના રૂ. ૧૦૯૯।।।

પા આગરદો તથા સૂખડી ટકા ০।। લેખે ચઢે.

કુલ રૂ. ૧૧૦૫।

૭૯।। ૨ ૩। વટાવ ટકા ૭। લેખે અને

પા।। આગરદો તાο સૂખડી ટકા ০।। લેખે.

(૨) ૧।। બીજું તાο કડેલું.

૮૭।

૧૦૧૮) બાકી નક્કી ખરા.

અર્થ.

રામ—આના.	સૂખડી—ગુમાસ્તા વગેરની.
રેશમલાવરી-એક જાતનું રેશમ.	હકસાઈ—વટાવ, છૂટ, કસર.

નામું લખવાની રીત.

જે તેરીખનો હોય તે તેરીખનો મેળ દોરવો. પછી નીચે પ્રમાણે જમે ઉધારને માટે લીંટી દોરવી. અને જમે બાજુ જ-ણસ આગલી.

તારીખની હોય તે ટાંકવી. પછી તેની નીચે કોઈના રુપિઆ આવેલા હોય તે જમે કરવા, ને આપેલા હોય તે ઉધાર પાસે લખવા. એ રીતે રકમો આવે જાય તે આંકડા વહીમાં ખતવવી. ને તે મહિનો પૂરો થયે આવરામાં ઊતારવું. તે આવરામાંથી ખાતે ખતવવું. તે ઉપરથી બાર મહિને સરવૈઉં કાઢવું અથવા બારે વેપાર હોય તો રોકડમેળ તથા નોંધ ઉપરથી આવરો મહિને મહિને ઊતારવો, ને આવરા ઉપરથી ખાતાવહીમાં ખતવવું, ને ખાતાવહી ઉપરથી સરવૈઉં કાઢવું.

આંકડાંવહી એટલે રોજમેળ તથા નોંધ ઉપરથી ખતવેલી રકમોને રોજ તૈયાર રાખવાનો ચોપડો.

ખાતાવહી એટલે આવરા ઉપરથી ખતવેલી રકમોનો ચોપડો.

કેટલેક ઠેકાણે ઉધાર બાજુનું જમે તરફ અને જમે બાજુનું ઉધાર તરફ લખવાનો ચાલ છે.

હરેક ચોપડામાં ત્રણ સળ આવળા, ને ત્રણ સવળા પાડવા, ને તેમ ઉધાર તરફના એકેક સળમાં આંકડા લખવા સારૂ રાખી બીજા બે સળમાં તપસીલ લખવી.

હુંડી બાબત સમજ.

શાહજોગી હુંડી એટલે જેના નામની હોય તેનેજ હુંડીના રુપિઆ મળે. બીજાથી તે લેવાય નહિ. અને હુંડીની સાથે દૂર દેશાવર જવું હોય ત્યારે બીજે કાગળ આપે તેમાં તેના શરીર ઉપરની તલ વગેરે જે કાંઇ નિશાની હોય તે લખે.

શાહજોગી હુંડી એટલે ખોળાધર લઇને શાહુકાર જોગ નાણાં મળે, એ હુંડી વેચે તો વેચાય. "ફલાણા ફલાણાને આ હુંડી વેચી છે," એવું તેના માથા ઉપર લખેછે. એવી રીત કે, લી. ફલાણો જત આ હુંડી ફલાણા શાહુકારને વેચી છે.

હુંડીમા મુદત લખેછે તેની સમજ.

તુરત મુદત—તુરત હુંડી દેખાડતાં નાણાં મળે એવી.
દિન ૧ વળતાની—બીજે દિવસે મળે.
મુદત વાર બોમની—ચોથે દિવસે.
મુદત દિન ૪ આરની—મુંબઈ સૂરતમાં નવમે દિને સીકારે.
અને ૧૩ દિવસનો પણ કેટલેક ઠેકાણે દસ્તૂર છે.
બાંધી મુદત—કેટલેક ઠેકાણે હુંડી લખવાની એવી ચાલ છે, કે ફલાણી તારીખેજ મળે અથવા ત્યારપછી મળે.

શાહુકારના કેટલાએક દસ્તૂર.

હુંડી ગેરવલે પડે તો પેંઠ લખે.
તે ગેરવલે પડે તો પરપેંઠ મળે.
પરપેંઠ ગેરવલે પડે તો કાગળ મળે.

જેના ઉપર હુંડી લખી હોય તે ખુશીથી ન સીકારે તો હુંડી લાવનાર ધણીને અમદાવાદ, સૂરત વગેરેમાં ટકા લેખે વ્યાજ ને ટકો સેંકડે ખેપ નકરામણ મળે. મહિનાથી ઓછા દિવસ હોય તો-પણ ખેપ નકરામણ તથા વ્યાજ એક મહિનાનું મળે. મહિનાથી ઉપર હોય તો તે પ્રમાણે વ્યાજ મળે. પણ હુંડી જેના ઉપરની હોય તે જો હુંડી પહોંચાડ્યા આગળ દેવાળું કાઢે તો તેના ઉપર નકરામણ તથા વ્યાજ નહિ.

હુંડી કોઈ દેખાડે ત્યારે તેના ઉપર દેખાડ ઘાલી આપે, ને હુંડીની પહોંચ રાખે, પછી મુદત પાકે ત્યારે નાણાં આપે ને જમે ઉધાર પાડે. એ હુંડીનાં ખોખાં ઉપર ભરપાયા કરાવી લઈને હુંડીના રુપિઆ આપનાર ખોખું અસલ હુંડી લખ-નાર ધણીને બીડે.

હુંડી વગેરે લીધા પછી તેનો ખપ ન હોય અને પાછી આપવી હોય તો લખનારને અથવા બીજા શાહુકારને વેચ્યાથી તેનાં નાણાં મળે.

શાહુકાર ને ત્યાં રુપિઆ ભરાવા હોય તો કેટલેક ઠેકાણે દસ્તૂર

છે કે સાંજ સુધી રૂપિઆ આપે તો તે તેરીખના જમે કરે. ને અમદાવાદ વગેરેમાં દિવસનાં બપોર સુધી રૂપિઆ આપે તો તે તેરીખના જમે કરે, નહિ તો બીજી તેરીખના જમે થાય છે.

હુંડી બાબત જુદો કાગળ લખેછે તેમાંના શબ્દોના અર્થ.

અમારી વતીને ખાતે હુંડી હોય ત્યારે પોતી તારીખ રોજમેળમાં રાખે, ને ખોખું પાછું આવે ત્યારે તેના ભરપાયાની તારીખ હોય તે તારીખ લખે. એ હુંડીનું જોખમ લખનારને માથે છે.

તમારી વતીને ખાતે હોય તો જે તારીખે લખી આપે અથવા બીજાની લખેલી મોકલે તે તારીખથી જમે ઉધાર કરે. એવી હુંડીનું જોખમ જેના ઉપર લખેછે, કે મોકલેછે તેના ઉપર છે.

રોકડ મેળનો ચોપડો.

તેની રીત.

પાનું ૧.

સંવત ૧૯૧૩ ના કાર્તિક સુદ ૧ થી મેળ દોરચો છે.

જ	ઉ

૦) ૧। શ્રી ગણેશાયનમઃ
૪૯૨।। પરી. કશળચંદ વછરાજને ખાતે જમે સુદ ૨ વા. ગરેઉ.
૪૯૨।। મુંબઈગરા રોકડા આવ્યા છે, તે હા૦ છગન લલુ ભરી ગયો છે.

પા૦ ૧* ૦

૪૩૦) પરી. ભગવાનદાસ હરખચંદને ખાતે ઉધાર સુદ ૧ વા૦ શુકરે.
૪૩૦) મુંબઈગરા રોકડા હા. મગન કેવળ ભરી આવ્યા છે.

પા૦ ૧

૯૮૫) પરી૦ વીરચંદ શોભાગચંદને ખાતે જમે સુદ ૨ વા. ગરેઉ.
૯૮૫) મુંબઈગરા રોકડા આવ્યા છે, તે હા૦ ગગલ ચકુ ભરી ગયા છે.

પા૦ ૧

૮૬૦) પરી૦ ભગુભાઈ પ્રેમચંદને ખાતે ઉધાર સુદ ૩ વા૦ શુકરે.
૮૬૦) મુંબઈગરા રોકડા હા. મગન ભરી આવ્યાં છે.

પા૦ ૨

૧૪૭૭।।	૧૨૯૦)
	૧૮૭।। શ્રી જણસ.

* આંકડા વહીનું પાનું છે.

૧૭૭॥ મુંબઈગરા રોકડા છે.
૧૦ પૈસા જ૦ ૬૪૦)

૧૮૭॥

૧૪૭૭॥

સંવત ૧૯૧૩ ના માગશર સુદ ૧ થી મેળ દોરયો છે.

જ — ઉ

૧૮૭॥ શ્રી જણશ ખાતે.
૨૦૦૦) શ્રી વઢવાણ ખાતે શેઠ પ્રેમાભાઈ હિમચંદને ખાતે જમે સુદ ૧૦ વા૦ રવેઉ.
૨૦૦૦) મુંબઈગરા રોકડા દા. બારોટ વાહાલા સાથે આવ્યા તેની પહોંચ ૧ તમારા ઉપરની કરી આપી છે. પા. ૬

૫૦૩।≈પરી. ગોકળદાસ માણેકચંદને ખાતે જમે સુદ ૧૫ વા. ગરેઉ.
૫૦૩।≈રૂ. ૫૦૦) સકાઈ મુંબઈગરાથી દા. ૦॥≈ લેખે.
તાગીજ
૬૦૦) રોકડા સીકાઈ.

૫૦૪।≈પરી. નરોત્તમદાસ જમનાદાસને ખાતે ઉધાર વદ ૧૦ વા૦ સોમે.
૫૦૦) સકાઈ રોકડા આવ્યા છે.
૪।≈ વટાવ બાદા૦ ૦॥।≈ લેખે દા. વટાવ ખાતે જમે.

પા. ૨ ૫૦૪।≈

૩।≈ શ્રી વટાવ ખાતે ઉ૦ સુદ ૧૫ વા૦
૩।≈ દા. પરી. ગોકળદાસ માણેકચંદને ખાતે જમે. પા. ૮

૩) શ્રી ખરચ ખાતે ઉ. વદ ૧૦ વા૦
૧॥≈ પરચૂરણ શાક વગે-

આવ્યા છે. હા૦ મુ-
ળજી મગન ભરી
ગયો છે.
૩।ᐠ હા૦ શ્રી વટાવ

ખાતે ઉધાર.

પા. ૨. ૫૦૩।ᐠ

૪।ᐠ શ્રી વટાવ ખાતે જમે
વદ ૧૦ વા૦ ૪।ᐠ હા૦
પચી૦ નરોતમદાસ જ-
મનાદાસને ઉધાર. પા. ૮

૨૬૯૫।ᐨ

રૂના.
૧) સાકર શેર ૪।ᐠ
૦।ᐠએલચી શેર ૦।
દા૦ ૧।।

પા. ૮. ૩)

૨૧૮૪।। શ્રી જણશ ખાતે.

૨૧૮૪।।મુંબઈગરા રોકડ
છે.

૨૬૯૫।ᐨ

સંવત ૧૯૧૩ ના પોશ સુદ ૧ થી રોકડ મેળ છે.

જ ઉ

૨૧૮૪।। શ્રી જણશ ખાતે.

૫૦૦) શ્રી લીમડી ખાતે શેઠ વ-
ખતચંદ ખુશાલચંદને ખાતે
જમે વદ ૭ વા.
૫૦૦) મુંબઈગરા હા૦બારોટ
વહાલાસાથે આવ્યા તે જમે
કરીને તેની પહોંચ એક ત-
મારા ઉપરની કરી આપી
છે. પા૦ ૭

૨૬૮૪।।

૯૮૫) શેઠ લલુભાઈ પાનાચંદને
ખાતે ઉધાર સુદ ૫ વા.
૯૮૫) મુંબઈગરા રોકડા
હા. વીરચંદ જેઠા ભરી
આવ્યો છે. પા. ૮

૨। શ્રી ખરચ ખાતે ઉધાર
સુદ ૧૫ વા. તેની વિગત.
૧) ગરીબ વાણીઆને
આપ્યો છે.
૧। પરચૂરણ થયો છે.

પા. ૮ ૨।

૯૮૭।

૧૬૯૭। શ્રી જણસ ખાતે.
૧૬૯૭। મુંબઈગરા રોકડા
વદ ૩ વા૦

૨૬૮૪॥

સંવત ૧૯૧૩ ના માહા સુદ ૧ થી રોકડ મેળ છે.

જ	ઉ
૧૬૯૭। શ્રી પરાંત જણસ.	૭૦૦૦) શ્રીવિગત ખાતે ઉધાર સુદ ૧૫ વા૦ રવેઉ.
૪૩૦) પરી. હરિવલ્લભદાસ મૂળચંદને ખાતે જમે સુદ ૧૦ વા૦ ભો.૪૩૦) રોકડા મુંબઈગરા હા. તમારો ગુ૦હરિવલ્લભ મોતી ભરી ગયો છે. પા. ૩	૨૦૦૦) પરી. વેણીચંદ રામચંદને ખાતે ઉધાર. પા. ૩
૮૬૦) પરી. કાહાનદાસ જમનાદાસને ખાતે જમે સુદ ૧૦ વા. ભોમે. ૮૬૦)મુંબઈગરા રોકડા હા. તમારો ગુ૦ કસન ભરી ગયો છે. પા૦ ૪	૫૦૦૦) પરી. ગોવિંદરામ દોલતરામને ખાતે. ઉધાર. પા. ૩
	૭૦૦૦) રોકડા મુંબઈગરા હા. નથુ લાલા ભરી આવ્યો છે.
૪૯૨૫) પરી. જેઠાભાઈ લખમીચંદને ખાતે જમે સુદ ૧૫ વા. રવેઉ. ૪૯૨૫) રોકડા મુંબઈગરા તમારો ગુ૦ જેચંદ ભરી ગયો છે. પા૦ ૪	૨)શ્રી ખરચ ખાતે ઉધાર વદ ૨ ૧) પસતાં શેર ૩ લાવ્યા તેના ૧) પસતાં શેર ૩ લાવ્યા તેના
	૨) પા. ૮
	૭૦૦૨
	૫૧૦। શ્રી જણસ. ૫૧૦। રોકડા મુંબઈગરા.
૭૫૧૨।	૭૫૧૨।

નુંધનો ચોપડો.

તેની રીત.

પા. ૧

સંવત ૧૯૧૩ ના કાર્ત્તિક સુદ ૧ થી નુંધનું જમે ખરચ.

જ

શ્રીમુંબઈ ખાતે શેઠ પ્રેમાભાઈ હિમચંદને ખાતે જમે અમારી
વતી કાર્ત્તિક સુદ ૧૩ વા.
હુંડી નંગ ૨) રૂ. ૧૫૦૦) ની શ્રીમુંબઈની તમારા ઉપરની લખી
અત્રેથી અમારીના રાખ્યા જણ ૨) ની પાસેથી મુદત દિન
૪ આરની લખી કાર્ત્તિક સુદ ૧.
દલાલ હિમચંદ નરસિંહની મારફતે લખી છે.
૫૦૦) હુંડી ૧ ના રાખ્યા, પરી. કશળચંદ વછરાજની પાસેથી.
૧૦૦૦) હુંડી ૧ ના રાખ્યા, પરી. વીરચંદ શોભાગચંદની પાસેથી.

૧૫૦૦)

તારીજ ઉ

૧૫૦૦) શ્રીમુંબઈ ખાતે જમે.
અમારી વતી. પા. ૫

૪૯૨॥ પરી. કશળચંદ વછરાજને
ખાતે ઉધાર હુંડી ૧) રૂ. ૫૦૦)
ની દા. ૯૮॥ લેખે. પા. ૧

૯૮૫) પરી. વીરચંદ શોભાગચંદને
ખાતે ઉધાર હુંડી રૂ. ૧૦૦૦)
ની દા. ૯૮॥ લેખે.
પા. ૧

૨૨॥ શ્રી વટાવ હુંડીઆમણ ખાતે

ઉધાર રૂ. ૨૨॥ પા. ૮

૧૫૦૦)

શ્રી વિગત ખાતે જમે કાર્તિક સુદ ૩ વા૦ હુંડી ૨) રૂ. ૧૫૦૦) ની. શ્રી વડોદરાની જણુ ૨ ઉપરની લખી અત્રેથી જણુ ૨ ના રાખ્યા અમારી પાસેથી મુદત વાર ભોમની લખી કાર્તિક સુદ ૨ દલાલ લેલીની મારફતે લખી છે.

૫૦૦) હુંડી ૧) રૂ. ૫૦૦) ની પરી૦ હરિભગતી ઉપરની લખી પરી. ભગવાનદાસ હરખચંદના રાખ્યા.

૧૦૦૦) હુંડી ૧) રૂ. ૧૦૦૦) ની પરી. પરભુદાસ સખીદાસ ઉપરની લખી પરી૦ ભગુભાઇ પ્રેમચંદના રાખ્યા.

૧૫૦૦

જ ઉ

૪૩૦) પરી૦ ભગવાનદાસ હરખચંદને ખાતે જમે હુંડી ૧) રૂ. ૫૦૦) ની દા૦ ૮૬ લેખે. પા. ૧	૧૫૦૦) શ્રી વડોદરા ખાતે શેઠ પ્રેમાભાઇ હિમચંદને અમારી વતી હુંડી ૨) રૂ. ૧૫૦૦) ની. પા. ૬
૮૬૦) પરી.ભગુભાઇ પ્રેમચંદને ખાતે જમે હુંડી૧)રૂ.૧૦૦૦) ની દા. ૮૬ લેખે. પા. ૨	
૨૧૦) શ્રી વટાવ હુંડીઆમણુ ખાતે જમે. પા. ૮	
૧૫૦૦).	૧૫૦૦)

* નું. એટલે નુંધનું પાનું.

શ્રી મુંબઈ ખાતે શેઠ પ્રેમાભાઈ હિમચંદને ખાતે જમે માગશર સુદ ૧૦ ની તારીખના તમારા લખ્યા પ્રમાણે જમે કર્યા છે તેની વિગત.

૩૧૩) ૧૧।। કેશર રતલ ૨૫) મોકલ્યું તે ઉપર બેઠા.

૩૧૧।। ૧૮ કેશર રતલ ૨૫) દા. ૧૨।।ન્લેખે તેના રૂ. ૩૧૫।।ન

તે મધ્યેથી મુદત ટકો ૧। વળે તેના ૩।।। ૧૯।। જતાં

બાકી રૂ. ૩૧૧।। ૧૮ ખરા બેઠા.

૧।ન ખરા જાતના કેશર ઉપર બેઠા.

ા।। લોઢાનો ડબો, ૧ ા।। નુરનો તેમાં આપ્યો.

ા।ન ચાકી કરામણી. ા)ન ડબાને રેણ કરાવ્યું.

૧।ન

પા. ૭ જુમલે ૩૧૩) ૧૧।।। દોકડા હા. કેશર ખાતે ઉધાર.

૧૩૪।। વિલાયતી કાપડ ઘર ખર્ચને મોકલ્યું તેના જમે કર્યા છે.

૨૫।।ન જગંનાથી નં. ૨) દા. ૧૨।।।ન૧૪।ન મલમલ નં. ૨) દા. ૭)ન

૨૧। ધોતી જોડા ૫) દા ૪। ૧૫) જામદાની નંગ ૨) દા. ૭।।

૧૫) દોપટ્ટા જોડા ૨) દા. ૭।। ૨૦)ન।। છીંટના તાકા નંગ ૫)

૨૫) માદરપાટ નંગ ૧૦) દા. ૨।। દા. ૪) ૩।

રૂ. ૧૩૬।ન।।

૩।ન।। ટકા ૨।। વળતે રૂ. ૧૩૬।ન।। તેના રૂ. ૩।ન।।

૧૩૩) બાકી ખરા નક્કી.

૧।। બારદાન ૧ તથા નુરનો આપ્યો તેના એ રીતે.

રૂ. ૧૩૪।। હા. શ્રી ખર્ચ ખાતે ઉધાર. પા૦ ૮

પા. ૫ કુલ રૂ. ૪૪૭।। ૧૧।।।

શ્રીમુંબઈ ખાતે શેઠ પ્રેમાભાઈ હિમચંદને ખાતે જમે. અમારી વતીને ખાતે પોશ વદ ૧ પાકી તારીખની હુંડી ૧) રૂ. ૧૦૦૦) ની મુંબઈની તમારા ઉપરની લા૦ અત્રેથી અમારીના રાખ્યા શેઠ લલુભાઈ પાનાચંદની પાસેથી મુદત દિન ૪ આરની લખી પોશ સુદ ૪ દલાલ પ્રેમચંદની મારફતે.

જ	ઉ
૧૦૦૦) શ્રીમુંબઈ ખાતે જમે હુંડી ૧) રૂ. ૧૦૦૦) ની પા. ૫	૯૮૫॥– શેઠ લલુભાઈ પાનાચંદને ખાતે ઉધાર હુંડી૧)રૂ.૧૦૦૦) ની દા. ૯૮॥– પોશ સુદ ૫ ની તારીખના. પા. ૮
	૧૪।–શ્રી વટાવ હુંડીઆમણ ખાતે ઉધાર. પા. ૮
	૧૦૦૦)

પરી. નરોતમદાસ જમનાદાસને ખાતે જમે પોશ સુદ ૧૧ હુંડી ૧) રૂ. ૫૨૫) ની શ્રીમુંબઈની પરી. કલ્યાણદાસ જેઈતાદાસ ઉપરની લા. અત્રેથી તમારીના રાખ્યા અમારી પાસેથી મુદત દિન ૪ આરની પોશ સુદ ૧૦ દલાલ પ્રેમચંદની મારફતે.

જ	ઉ
૫૬૭) પરી. નરોતમદાસ જમનાદાસના જમે હુંડી ૧) રૂ. ૫૨૫) ની દા૦૯૮॥ લેખે પા. ૨	૫૨૫) શ્રીમુંબઈ ખાતે શેઠ પ્રેમાભાઈ હિમચંદ અમારી વતીને ખાતે ઉધાર હુંડી ૧) રૂ. ૫૨૫)ની બીડી પોશ વદ ૯. પા. ૫
૭।–શ્રી વટાવ હુંડીઆમણ ખાતે જમે. પા૦ ૮	
૫૨૫	૫૨૫)

